Current Affairs February -2019

## 1.February 2019

**(૧) ઔદ્યોગિક સંસ્થા DIPP નામ બદલી DPIIT કરવામાં આવ્યું :**

- ઔદ્યોગિક નીતિ અને સંવર્ધન વિભાગ (ડીઆઇપીપી)નું નામ બદલીને ઉદ્યોગ અને આંતરિક વેપાર સંવર્ધન વિભાગ (ડીપીઆઇઆઇટી) કરવામાં આવ્યું.
- હવે તે અન્ય કાર્યો સાથે વેપારી અને કર્મચારીઓના કલ્યાણની જવાબદારી પણ નિભાવશે.
- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે આ સંદર્ભે આદેશ જારી કર્યો છે.
- આદેશ અનુસાર, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળ કામ કરતી ડીપીઆઇઆઇટી આંતરિક વેપારના સંવર્ધન સાથે જોડાયેલા મુદ્દાઓને પણ ધ્યાનમાં લેશે.

**(૨) સંસદમાં બજેટ સત્રની શરૂઆત :**

- ૩૧ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ સંસદમાં બંને સદનની સંયુક્ત બેઠકમાં રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદના ભાષણ સાથે બજેટ સત્રની શરૂઆત થઇ.
- કેન્દ્રિય બજેટ ૧ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ અંતરીમ બજેટ રજૂ કરવામાં આવશે. આવનાર લોકસભા ચૂંટણી બાદ નવી સરકાર અંતિમ બજેટ રજૂ કરશે.
- આ સત્ર બજેટ સત્રનું સમાપન ૧૩ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ થશે.
- વર્ષ ૧૯૨૪થી ૧૯૯૯ સુધી બજેટ ફેબ્રુઆરીના અંતિમ કાર્યકારી દિવસોમાં સાંજે પાંચ વાગ્યે રજૂ કરવામાં આવતું હતું.
- વર્ષ ૨૦૦૦થી આ બજેટ સવારે ૧૧ વાગ્યે રજૂ કરવામાં આવે છે.

**(૩) પ્રો રેસલિંગ લીગ – ૨૦૧૯ :**

- પ્રો. રેસલિંગ લીગ ૨૦૧૯નો ખિતાબ હરિયાણા હૈમર્સએ પોતાના નામે કર્યો.
- પ્રો રેસલિંગ લીગનું આ ચોથું આયોજન હતું.
- હરિયાણાએ ગયા વર્ષના ચેમ્પિયન પંજાબને હરાવી આ ખિતાબ પોતાના નામે કર્યો હતો.
- પ્રો. રેસલિંગ લીગ ૨૦૧૯ની ફાઇનલ મેચ નોઇડાની ગૌતમ બુધ્ધ યુનિવર્સિટીના સ્ટેડિયમ ખાતે યોજાઇ હતી.
- પ્રો. રેસલિંગ લીગ એક કુસ્તી સ્પર્ધા છે જેની શરૂઆત ૨૦૧૫માં થઇ હતી.
- આ સ્પર્ધામાં કુલ ૬ ટીમે ભાગ લીધો હતો.
- વર્ષ ૨૦૧૫માં મુંબઇ ગરુડે આ ચેમ્પિયનશીપ જીતી હતી, વર્ષ ૨૦૧૭ અને ૨૦૧૮માં પંજાબ રોયલ્સે જીત મેળવી હતી.

**(૪) રાજીવ ચોપડા – NCC ડિરેક્ટર જનરલ**

- લેફ્ટનેંટ જનરલ રાજીવ ચોપડાને રાષ્ટ્રીય કૈડેટ કોર (એનસીસી) ના ડિરેક્ટર જનરલ નિયુક્ત કરવામાં આવ્યા.
- રાજીવ ચોપડાને વર્ષ ૨૦૧૮માં અતિ વિશેષ સેવા મેડલથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- રાષ્ટ્રીય કૈડેટ કોરનું મુખ્યાલય નવી દિલ્લી ખાતે આવેલ છે.
- તેનો મોટો 'એકતા ઔર અનુશાસન' છે.
- રાષ્ટ્રીય કૈડેટ કોરની સ્થાપના નેશનલ કૈડેટ કોર અધિનિયમ ૧૯૪૮ અંતર્ગત કરવામાં આવી હતી.

**(૫) રેલ મંત્રી પિયુષ ગોયલને કાર્નોટ પ્રાઇઝ :**

- ભારતના રેલવે અને કોલસા મંત્રી પિયુષ ગોયલને ચોથા કાર્નોટ પ્રાઇઝથી સન્માનીત કરવામાં આવ્યા.
- આ સન્માન ક્લાઇનમેન સેન્ટર ફોર એનર્જી પોલિસી દ્વારા આપવામાં આવ્યું છે.
- પિયુષ ગોયલને આ સન્માન ઉર્જા ક્ષેત્રમાં તેમના યોગદાન બદલ આપવામાં આવ્યું છે.
- કાર્નોટ પ્રાઇઝની શરૂઆત ૨૦૧૫માં કરવામાં આવી હતી.
- આ પુરસ્કારનું નામ ફ્રાંસના ભૌતિક વૈજ્ઞાનિક નિકોલસ શાદી કર્નોટના નામ પરથી રાખવામાં આવ્યું છે.

**પ્રશ્નો :**

(૧) ઔદ્યોગિક નીતિ અને સંવર્ધન વિભાગનું નામ બદલીને શું કરવામાં આવ્યું ?
- ઉદ્યોગ અને આંતરિક વેપાર સંવર્ધન વિભાગ

(૨) પ્રો. રેસલિંગ લીગ–૨૦૧૯ની વિજેતા ટીમ જણાવો ?
- હરિયાણા હૈમર્સ

(૩) રાષ્ટ્રીય કૈડેટ કોર (NCC) ના ડિરેક્ટર જનરલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
- રાજીવ ચોપડા

(૪) રાષ્ટ્રીય કૈડેટ કોરનો મોટો જણાવો ?
- એકતા ઔર અનુશાસન

(૫) તાજેતરમાં રેલમંત્રી પિયુષ ગોયલને કયો પુરસ્કાર એનાયત થયો ?
- કાર્નોટ પ્રાઇઝ

(૬) કાર્નોટ પ્રાઇઝનું નામ કોના પરથી રાખવામાં આવ્યું છે ?
- ફ્રાંસના ભૌતિક વૈજ્ઞાનિક નિકોલસ શાહી કર્નોટ

## 2.February 2019

**(૧) મિથાલી રાજ ૨૦૦ વન–ડે રમનારી પ્રથમ મહિલા ક્રિકેટર :**

- મહિલા વન–ડે ક્રિકેટ ટીમની કેપ્ટન મિતાલી રાજ ૨૦૦ વન–ડે રમનારી પ્રથમ મહિલા ક્રિકેટર બની ગઇ છે.
- તેણે ન્યૂઝીલેન્ડ સામે ત્રીજી વન–ડે મેચમાં આ વિક્રમ રચ્યો હતો.
- મિતાલીએ તેના કરિયરમાં ૬૬૧૩ રન બનાવ્યા છે. તેમા ૭ સદી અને ૫૨ અડધી સદીનો સમાવેશ થાય છે.
- ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ૨૬૩ આંતરરાષ્ટ્રીય વનડે મેચ રમી છે જેમાં ૨૦૦ મેચમાં મિતાલી રાજ ટીમનો ભાગ હતી.
- મિતાલી રાજનો જન્મ જોધપુરમાં થયો હતો.

Vivekanand Academy Gandhinagar

- વનડે ક્રિકેટમાં ૬૦૦૦ રન કરનાર મિતાલી રાજ પ્રથમ મહિલા ખેલાડી છે.
- મિતાલી રાજને વર્ષ ૨૦૦૩માં અર્જુન એવોર્ડ, વર્ષ ૨૦૧૫માં પદ્મશ્રી અને વર્ષ ૨૦૧૭માં યૂથ સ્પોર્ટ્સ આઇકોન ઓફ એક્સીલેંસ એવોર્ડથી સન્માનીત કરવામાં આવી છે.

**(૨) ફૂટબોલ – કતાર પહેલીવાર એશિયન ચેમ્પિયન :**

- આબુ ધાબી ખાતે યોજાયેલ એશિયન ફૂટબોલ ચેમ્પિયનશીપની ફાઇનલમાં કતાર ચેમ્પિયન બન્યું.
- કતાર પ્રથમ વખત એશિયન ફૂટબોલ ચેમ્પિયન બન્યું છે.
- તેણે એએફસી એશિયન કપની ફાઇનલમાં ૪ વાર પૂર્વ ચેમ્પિયન જાપાનને ૩–૧ થી હરાવ્યું.
- આ એશિયન ફૂટબોલ ચેમ્પિયનશીપનું ૧૭ મુ આયોજન હતું. જેમાં કુલ ૨૪ ટીમોએ ભાગ લીધો હતો.
- કતાર ટાઇટલ જીતનાર નવમો દેશ બન્યો છે.
- એશિયન ફૂટબોલ ચેમ્પિયનશીપ ફૂટબોલની એશિયાઇ સ્પર્ધા છે. જેનું આયોજન એશિયન ફૂટબોલ મહાસંઘ દ્વારા કરવામાં આવે છે.
- એશિયન ફૂટબોલ મહાસંઘની સ્થાપના વર્ષ ૧૯૫૪માં થઇ હતી. તેનું મુખ્યમથક મલેશિયાના કૂઆલાલંપુર ખાતે છે.

**(૩) ઉતરાર્ધ મહોત્સવ – ૨૦૧૯**

- મોઢેરાના સૂર્યમંદિરના સાંનિધ્યમાં બે દિવસીય ઉતરાર્ધ મહોત્સવ–૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું.
- મોઢેરા ગુજરાતના મહેસાણા જિલ્લાના બહુચરાજી તાલુકામાં આવેલ છે. (ચૂવાળ પ્રદેશ)
- મોઢેરા પુષ્પાવતી નદીના કિનારે આવેલ છે.
- આ મહોત્સવમાં સંગીત, નૃત્ય, શિલ્પ અને સ્થાપત્યનો અનેરો સાથ જોવા મળે છે.
- આ મહોત્સવનું આયોજન દર વર્ષે ઉત્તરાયણ બાદ કરવામાં આવે છે.
- આ મહોત્સવની શરૂઆત વર્ષ ૧૯૯૨ થી કરવામાં આવી છે. (ચીમનભાઇ પટેલ)
- મહોત્સવ ૨૦૧૯માં અનંત ભાસ્કર મેનન અમદાવાદ દ્વારા ભરતનાટ્યમ્, શીલા મહેતા મુંબઇ દ્વારા કથ્થક નૃત્ય, દેબશ્રીતા મોહંતી સુરત દ્વારા ઓડીસી નૃત્ય, હર્ષા ઠક્કર રાજકોટ દ્વારા કથ્થક નૃત્ય, ડો.વી. રામકિષ્ણ તેલંગાણા દ્વારા કુચીપુડી, સ્વાતિ દાતાર પુના દ્વારા ભરતનાટ્યમ અને કબીતા માહંતી હરિયાણા દ્વરા ઓડિશી નૃત્ય યોજાયું હતું.

**મોઢેરા સૂર્યમંદિર :**

- ગુજરાતના મોઢેરા ખાતે ઇ.સ. ૧૦૨૬માં સોલંકી વંશના રાજવી ભીમદેવ પ્રથમના સમયમાં સૂર્યમંદિર બંધાયું હતું.
- આ મંદિરનું પૂર્વ દિશામાં આવેલ પ્રવેશ દ્વારા એવી રીતે રચવામાં આવ્યું છે કે ઉત્તરાયણ નિમિત્તે સૂર્યનું પ્રથમ કિરણ મંદિરની અંદર ગર્ભગૃહમાં રહેલી સૂર્યપ્રતિમાના મુગટ પર પડે છે જેથી આખું મંદિર પ્રકાશથી ઝળીહળી ઊઠે છે.
- આ મંદિરનું નકશીકામ ઇરાની શૈલીમાં થયું છે.
- મંદિરની બહારના જળકુંડની ચારે બાજુ ૧૦૮ નાના મંદિર આવેલ છે. આ જળકુંડનું નામ રામકુંડ છે.
- આ સૂર્યમંદિર પરથી કર્કવૃત પસાર થાય છે.

**(૪) રાજીવ નયમ ચૌબે (UPSCના સદસ્ય)**

- તાજેતરમાં રાજીવ નયન ચૌબેએ સંઘ લોક સેવા આયોગ (UPSC) ના સદસ્ય તરીકે શપથ લીધા.
- રાજીવ નયન ચૌબે તામિલનાડુ કેડરના ૧૯૮૧ બેચના અધિકારી છે.
- બંધારણના અનુચ્છેદ ૩૧૬ મુજબ રાષ્ટ્રપતિ દ્વારા UPSC ના સદસ્ય અને ચેરમેનને નિયુક્ત કરવામાં આવે છે.
- UPSC દ્વારા IAS, IFS, IPS અને અન્ય સેવાઓ માટેની પરીક્ષાનું આયોજન કરે છે.
- UPSC ની સ્થાપના ભારતીય બંધારણના અનુચ્છેદ ૩૧૫ અંતર્ગત કરવામાં આવી છે.

પ્રશ્નો :

૧ ૨૦૦ વનડે રમનાર પ્રથમ મહિલા ક્રિકેટર જણાવો ?
- મિથાલી રાજ

૨ મિતાલી રાજે ૨૦૦ મી વન ડે કયાં દેશ સામે રમી ?
- ન્યૂઝીલેન્ડ

૩ મિથાલી રાજનો જન્મ કયાં થયો હતો ?
- જોધપુર

૪ એશિયન ફૂટબોલ ચેમ્પિયનશીપ–૨૦૧૯ વિજેતા જણાવો ?
- કતાર

૫ ઉતરાર્ધ મહોત્સવ–૨૦૧૯નું આયોજન કયાં થયું હતું ?
- મોઢેરાના સુર્યમંદિરમાં

૬ મોઢેરા કઇ નદીના કિનારે આવેલું છે ?
- પુષ્પાવતી

૭ મોઢેરાના સૂર્યમંદિરનું નકશીકામ કઇ શૈલીમાં થયું છે ?
- ઇરાની શૈલી

૮ બંધારણના કયાં અનુચ્છેદ મુજબ રાષ્ટ્રપતિ દ્વારા UPSCના સદસ્ય અને ચેરમેનની નિયુક્તિ કરવામાં આવે છે ?
- A-316

૯ UPSC ની સ્થાપના બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત કરવામાં આવી ?
- A-315

## 3.February 2019

**(૧) ઋષી કુમાર શુકલ– સીબીઆઇના નવા ડિરેક્ટર :**

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષ સ્થાનવાળી પસંદગી સમિતિ દ્વારા આઇપીએસ અધિકારી ઋષી કુમાર શુકલને દેશની સર્વોચ્ચ તપાસ એજન્સી સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટીગેશન (સીબીઆઇ) ના નવા ડિરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવ્યા.

Vivekanand Academy Gandhinagar

- તેઓ સીબીઆઇના ભૂતપૂર્વ ડિરેક્ટર આલોક વર્માનું સ્થાન લેશે.
- ઋષી કુમાર અગાઉ મધ્ય પ્રદેશના ડીજીપી તરીકે સેવા આપતા હતા.
- ઋષી કુમાર ૧૯૮૩ બેચના અધિકારી છે.
- તેઓ બે વર્ષ સુધી આ પદ પર ફરજ બજાવશે.
- સીબીઆઇની સ્થાપના ૧૯૪૧ માં એક ખાસ પોલીસ સંસ્થા તરીકે કરવામાં આવી હતી.

**(૨) સ્મૃતિ મંધાના આઇસીસીની મહિલા વનડે રેન્કિંગમાં ટોપ :**

- ભારતીય મહિલા ટીમની લેફ્ટ-હેન્ડેડ ઓપનર સ્મૃતિ મંધાના આઇસીસીની મહિલા વનડે રેન્કિંગમાં ટોપ પર પહોંચી.
- ન્યૂઝીલેન્ડની સામે મેચમાં સારા પ્રદર્શન પછી સ્મૃતિ મંધાના વનડે બેટિંગ રેન્કિંગમાં ૭૫૧ પોઇન્ટ થઇ ગયા છે.
- આ પહેલી તક છે, જ્યારે આઇસીસીની પુરૂષ અને મહિલા વનડે રેન્કિંગમાં કોઇ ભારતીય બેટ્સમેન પહેલાં સ્થાન પર હોય.
- પુરૂષ રેન્કિંગમાં ભારતીય કેપ્ટન વિરાટ કોહલી પ્રથમ સ્થાને છે.
- મહિલા રેન્કિંગમાં બીજા ક્રમે ઓસ્ટ્રેલિયાની એલિસ પરી છે, જેના ૬૮૧ પોઇન્ટ છે.

**(૩) આવર્ત કોષ્ટક વર્ષ :**

- સંયુક્ત રાષ્ટ્રની વૈજ્ઞાનિક અને શૈક્ષણિક સંસ્થા યુનેસ્કોએ રાસાયણિક તત્વોના આવર્ત કોષ્ટક તૈયાર થયાના ૧૫૦ વર્ષ પૂર્ણ થતાં વર્ષ ૨૦૧૯ને આવર્ત કોષ્ટક વર્ષ તરીકે મનાવવાનું નક્કી કર્યું.
- આવર્ત કોષ્ટક પ્રથમ વખત વર્ષ ૧૮૬૯માં રશિયાના વૈજ્ઞાનિક દમિત્રી મડલીવ દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું.
- તે સમયે આવર્ત કોષ્ટકમાં ૬૩ તત્વો દર્શાવવામાં આવ્યા હતા.
- આ કોષ્ટકમાં વર્ષ ૨૦૧૫માં છેલ્લી વખત સંશોધન કરવામાં આવ્યું હતું.
- વર્ષ ૨૦૧૫માં આ કોષ્ટકમાં ૪ નવા તત્વો ઉમેરવામાં આવ્યા હતા.
- હાલ આવર્ત કોષ્ટકમાં ૧૧૮ તત્વો છે જે પૈકી ૯૨ તત્વો કુદરતી છે જ્યારે બાકીના તત્વો પ્રયોગશાળામાં વૈજ્ઞાનિકો દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે.

**પ્રશ્નો :**

(૧) સીબીઆઇના નવા ડિરેક્ટરનું નામ જણાવો ?
- ઋષી કુમાર શુક્લ

(૨) તાજેતરમાં કઇ ભારતીય મહિલા ક્રિકેટર આઇસીસીના વન-ડે રેન્કિંગમાં ટોપ પર સ્થાન મેળવ્યું ?
- સ્મૃતિ મંધાના

(૩) કયા વર્ષને આવર્ત કોષ્ટક વર્ષ તરીકે મનાવવાનું નક્કી થયું ?
- ૨૦૧૯

(૪) સૌપ્રથમ આવર્ત કોષ્ટક કોના દ્વારા તૈયાર કરવામાં આવ્યું ?
- દમિત્રી મેડલીવ

(૫) હાલ આવર્ત કોષ્ટકમાં કુલ કેટલા તત્વો છે ?
- ૧૧૮

## 4-5.February 2019

**વિશ્વ કેન્સર દિવસ :**

- વિશ્વભરમાં દર વર્ષે ૪ ફેબ્રુઆરીના રોજ વિશ્વ કેન્સર ડે મનાવવામાં આવે છે.

વર્ષ -૨૦૧૯થી વર્ષ ૨૦૨૧ માટે આ દિવસની થીમ 'હું છુ અને હું રહીશ (I am and I will) રાખવામાં આવી છે.

- આ દિવસે ઉજવણીનો હેતુ કેન્સર વિશે જાગૃતિ લાવવાનો છે.
- આ દિવસની ઉજવણી આંતરરાષ્ટ્રીય કેન્સર નિયંત્રણ સંઘ દ્વારા કરવામાં આવે છે.
- આ આંતરરાષ્ટ્રીય નિયંત્રણ સંઘની સ્થાપના વર્ષ ૧૯૩૩માં થઇ હતી.

**(૧) રાષ્ટ્રીય સડક સુરક્ષા સપ્તાહ :**

- કેન્દ્રીય સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય સડક સુરક્ષા સપ્તાહની શરૂઆત કરવામાં આવી.
- આ ઉજવણીનો મુખ્ય હેતુ લોકોને માર્ગ પર સલામતી અને સંવેદનશીલતા વિશે લોકોને જાગૃત કરવાનો છે.
- આ સપ્તાહ દરમ્યાન લોકોને ટ્રાફિકના નિયમો વિશે માહિતી આપવામાં આવશે.
- ૪ ફેબ્રુઆરી થી શરૂ થયેલ આ સપ્તાહ ૧૦ ફેબ્રુઆરી સુધી ચાલશે.
- મંત્રાલય દ્વારા આ ૩૦ મી વખત રાષ્ટ્રીય સડક સુરક્ષા સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે.
- કેન્દ્રીય સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રી - શ્રી નીતિન ગડકરી

**(૨) સંજીવ રંજન - કોલમ્બિયામાં ભારતીય રાજદૂત :**

- તાજેતરમાં સંજીવ રંજનને કોલમ્બિયામાં ભારતીય રાજદૂત તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.
- હાલ તેઓ આર્જેન્ટીનાના રાજદૂત તરીકે ફરજ બજાવતા હતા.
- તેઓ વર્ષ ૨૦૦૬ થી ૨૦૦૯ સુધી મોરેશિયસમાં ભારતના ઉપ ઉચ્ચાયુક્ત તરીકે ફરજ બજાવતા હતા.
- તેઓ ૧૯૯૩ની બેચના ઇન્ડિયન ફોરેન સર્વિસ ઓફિસર છે.
- કોલમ્બિયા :

  રાજધાની : બોગોટા

  રાષ્ટ્રપતિ : ઇવાન ડૂક

**(૩) સિંધુ નદીની ડોલ્ફિન - પંજાબનું રાજ્ય જળચર જીવ :**

- તાજેતરમાં પંજાબ સરકાર દ્વારા સિંધુ નદી ડોલ્ફિનને રાજ્યનું જળચર જીવ ઘોષિત કરવામાં આવ્યું.

Vivekanand Academy Gandhinagar

- આ નિર્ણય રાજ્યના મુખ્યમંત્રી અમરિન્દર સિંહની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં લેવામાં આવ્યો.
- સિંધુ નદી ડોલ્ફિન એક વિલુપ્ત પ્રાણી છે જે માત્ર ભારત અને પાકિસ્તાનમાં બિયાસ નદીમાં જોવા મળે છે.
- આ ડોલ્ફિન ભૂરા રંગની હોય છે જે દ્રષ્ટિહિન હોય છે.
- સામાન્ય રીતે તેનું આયુષ્ય ૩૦ વર્ષ સુધીનું જોવા મળે છે.
- હાલ સિંધુ નદી ડોલ્ફિનની સંખ્યા ૧૮૧૬ છે.
- પંજાબ

  રાજધાની – છતિસગઢ

  રાજ્યપાલ– વી.પી.સિંઘ

  મુખ્યમંત્રી – અમરિન્દર સિંહ

**(૪) બેદિન–૧**

- તાજેતરમાં નાસાના સ્પેસ ટેલિસ્કોપ હબલએ બ્રહ્માંડમાં એક અન્ય આકાશગંગા શોધી છે.
- નાસા મુજબ આ આકાશગંગા હાલની આકાશગંગાની તુલનામાં નાની છે.
- નાસાના સ્પેસ ટેલિસ્કોપ હબલ દ્વારા કરવામાં આવેલ અભ્યાસ બાદ આ આકાશગંગાને DWARF કહેવામાં આવે છે જેનો મતલબ વામન એટ્લે કે ઓછા કદનું થાય છે.
- નવી આકાશગંગાને બેદિન–૧ (BEDIN) નામ આપવામાં આવ્યું છે.
- આ આકાશગંગા બ્રહ્માંડથી આશરે ૩ કરોડ પ્રકાશવર્ષ દૂર છે.
- આ આકાશગંગા લગભગ ૧૩૦૦ મિલિયન વર્ષ જૂની છે.

**હબલ સ્પેસ ટેલિસ્કોપ :**

- હબલ સ્પેસ ટેલિસ્કોપ અવકાશમાં કૃત્રિમ ઉપગ્રહો તરીકે સ્થિત છે.
- અમેરિકાના સ્પેસયાન ડિસ્કવરીની મદદથી ૨૫ એપ્રિલ, ૧૯૯૦ના રોજ તેને અવકાશમાં સ્થાપિત કરવામાં આવ્યું હતું.
- અમેરિકન ખગોળશાસ્ત્રી એડવિન પોંવેલ હબલના નામ પરથી ‘હબલ’ નામ આપવામાં આવ્યું છે.

**પ્રશ્નો :**

૧ વિશ્વ કેન્સર દિવસ ક્યારે મનાવાય છે ?
- ૪ ફેબ્રુઆરી

૨ વિશ્વ કેન્સર દિવસ –૨૦૧૯ થી ૨૦૨૧ની થીમ જણાવો ?
- હું છુ અને હું રહીશ

3 આંતરરાષ્ટ્રીય કેન્સ નિયંત્રણ સંઘની સ્થાપના ક્યારે થઇ હતી ?
- ૧૯૩૩

૪. રાષ્ટ્રીય સડક સુરક્ષા સપ્તાહ કયા મંત્રાલય દ્વારા ઉજવવામાં આવ્યું ?
- કેન્દ્રીય પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય

૫. કેન્દ્રીય સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રીનું નામ જણાવો ?
- નિતિન ગડકરી

૬. કોલમ્બિયામાં ભારતીય રાજદૂત તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી ?
- સંજીવ રંજન

૭. નાસા દ્વારા તાજેતરમાં શોધાયેલી આકાશગંગાનું નામ શું રાખવામાં આવ્યું ?
- બેદિન–૧

૮. નાસા દ્વારા કયા ટેલિસ્કોપ થી નવી આકાશગંગા શોધવામાં આવી ?
- સ્પેસ ટેલિસ્કોપ હબલ

૯ પંજાબનું રાજ્ય જળચર જીવનું નામ જણાવો ?
- સિંધુ નદીની ડોલ્ફિન

## 6.February 2019

**(૧) રેડિયો – ટ્રાફિક રોબોટ :**

- તાજેતરમાં પુણે ટ્રાફિક વિભાગ દ્વારા રેડિયો નામનો એક ટ્રાફિક રોબોટ લોન્ચ કર્યો.
- આ રોબોટો ટ્રાફિક નિયમો માટે જાગૃતા લાવવા માટે બનાવવામાં આવ્યો છે.
- રોબોટનું નિર્માણ SP Robotics lab maker ની મદદથી વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું છે.
- રોબોટને રાષ્ટ્રીય સડક સુરક્ષા સપ્તાહ અંતર્ગત વિભાગ દ્વારા લોન્ચ કરાયો છે, જે એક ટ્રાફિક પોલીસ કર્મચારીની જેમ જ કાર્ય કરશે.
- દેશમાં ટ્રાફિક રોબોટની આ પ્રથમ પહેલ છે જે પાયલોટ પ્રોજેક્ટ તરીકે લોન્ચ કરવામાં આવી છે.

**(૨) સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં હરિયાણા ભવન :**

- તાજેતરમાં કેવડીયા કોલોની ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં હરિયાણા ભવનનું ભૂમિપૂજન કરવામાં આવ્યું.
- હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટરેના હસ્તે આ ભવનનું ભૂમિપૂજન કરવામાં આવ્યું.
- હરિયાણા દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે જેણે સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં પોતાના ભવનનું ભૂમિપૂજન કર્યુ છે.

**(૩) અજીમ પ્રેમજીને અન્સર્ટ એન્ડ યંગ લાઇફટાઇમ અચીવમેન્ટ એવોર્ડ :**

- વિપ્રોના ચેરમેન અજીમ પ્રેમજીને અન્સર્ટ એન્ડ યંગ લાઇફટાઇમ અચિવમેન્ટ એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા.
- અન્સર્ટ એન્ડ યંગ એવોર્ડ એક બહુરાષ્ટ્રીય સેવા કંપની દ્વારા આપવામાં આવે છે, જેનું નામ અન્સર્ટ એન્ડ યંગ છે.

**(૪) ભારત વિશ્વનો બીજા ક્રમનો એલપીજી ઉપભોક્ત દેશ :**

- પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાની સફળતા સાથે ભારત વિશ્વનો બીજા ક્રમનો સૌથી મોટો એલપીજી ઉપભોક્તા દેશ બન્યો છે.

- ચીન વિશ્વનો પ્રથમ ક્રમનો સૌથી મોટો એલપીજી ઉપભોક્તા દેશ છે.
- જાન્યુઆરી ૨૦૧૯માં પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓની સંખ્યા ૬ કરોડથી વધુ થઇ હતી.

**પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના :**

- કેન્દ્રસરકારે મે ૨૦૧૬માં પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના લોન્ચ કરી હતી.
- તેની ટેગ લાઇન 'સ્વચ્છ ઇંધણ, બહેતર જીવન' છે.
- આ યોજના પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલય અંતર્ગત કાર્યરત કરે છે.
- યોજનાનો લાભ દેશના તમામ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશના નાગરિકો લઇ શકે છે.

પ્રશ્નો :

૧ તાજેતરમાં ટ્રાફિક રોબોટ કોણે લોન્ચ કર્યો ?
- પુણે ટ્રાફિક વિભાગ

૨ હરિયાણાના મુખ્યમંત્રીનું નામ જણાવો ?
- મનોહરલાલ ખટ્ટરે

૩ સ્ટેચ્યૂ ઓફ યુનિટી પરિસરમાં પોતાના ભવનનું ભૂમિપૂજન કરનાર પ્રથમ રાજ્ય જણાવો ?
- હરિયાણા

૪ તાજેતરમાં અર્ન્સ્ટ એન્ડ યંગ લાઇફટાઇમ અચીવમેન્ટ એવોર્ડથી કોને સન્માનિત કરવામાં આવ્યા ?
- અજીમ પ્રેમજી

૫ વિશ્વનો બીજા ક્રમનો એલપીજી ઉપભોક્તા દેશ જણાવો ?
- ભારત

૬ કેન્દ્રસરકારે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના ક્યારે લોન્ચ કરી હતી ?
- ૨૦૧૬માં

૭ પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાની ટેગલાઇન જણાવો ?
- 'સ્વચ્છ ઇંધણ, બહેતર જીવન

## 7.February 2019

**(૧) રાજ્યમાં ચોવીસ કલાક દુકાનો ચાલુ રાખવાનો નિર્ણય :**

- રાજ્યમાં ચોવીસ કલાક દુકાનો ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.
- આ નિર્ણય મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં મળેલ મંત્રીમંડળની બેઠકમાં લેવામાં આવ્યો છે.
- વર્ષ ૧૯૪૮માં શોપ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટમાં સુધારો કરી આ નિર્ણય લેવામાં આવ્યો છે.
- જે અનુસાર આ કાયદા હેઠળ આવતા ઉપરાંત મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારો, નેશનલ હાઇવે, રેલવે પ્લેટફોર્મ, એસ.ટી. બસમથક, હોસ્પિટલ, પેટ્રોલ પંપ પર આવેલ દુકાનોને ૨૪ કલાક ખુલ્લી રાખી શકાશે.
- કાયદા અનુસાર નગરપાલિકા અને સ્ટેટ હાઇવે પર આવેલ દુકાનો સવારના ૬.૦૦ કલાકથી રાત્રીના ૨.૦૦ કલાક સુધી જ ખુલ્લી રાખી શકાશે તેવો કાયદો બનાવવા સરકાર જઇ રહી છે.
- આ કાયદો આગામી વિધાનસભામાં પસાર થયા પછી તેનો અમલ થશે.
- રાજ્યમાં મહાનગરપાલિકા વિસ્તારમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર, જૂનાગઢ, જામનગર અને ગાંધીનગરનો સમાવેશ થાય છે.
- દેશમાં ૨૪ કલાક દુકાનો ચાલુ રાખવાનો નિર્ણય લેનાર ગુજરાત દેશનું બીજું રાજ્ય છે.
- મહારાષ્ટ્ર આ નિર્ણય અમલમાં લેનાર દેશનું પ્રથમ રાજ્ય છે.
- મહારાષ્ટ્ર સરકારે ઓગસ્ટ ૨૦૧૭માં મહારાષ્ટ્ર દુકાન અધિનિયમ સુધારા વિધેયક વિધાનસભામાં પસાર કર્યું હતું.

**(૨) ખેલો ઇન્ડિયામાં મેડલ જીતનાર ખેલાડીનું સન્માન :**

- હાલમાં પૂણે ખાતે યોજાયેલી ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સમાં વિજેતા બનેલાં ગુજરાતના ખેલાડીઓનું સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા ખેલ પ્રતિભા પુરસ્કાર આપીને સન્માન કરવામાં આવ્યું.
- ગુજરાતની ટીમ ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સમાં ૧૫ ગોલ્ડ, ૯ સિલ્વર, અને ૧૫ બ્રોન્ઝ મેડલ મેળવીને આઠમાં ક્રમે આવી હતી.

**(૩) સંગીત નાટક અકાદમી પુરસ્કાર–૨૦૧૭**

- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા વર્ષ –૨૦૧૭ના સંગીત નાટક અકાદમી પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા.
- રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાયેલ એક ખાસ કાર્યક્રમમાં દેશના ૪૨ કલાકારોને સન્માનીત કરવામાં આવ્યા.
- સંગીત નાટક અકાદમી સામાન્યસભામાં આ કલાકારોના નામ પસંદ કરવામાં આવ્યા હતા.

**સંગીત નાટક અકાદમી પુરસ્કાર :**

- સંગીત નાટક અકાદમી પુરસ્કાર સૌથી પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય સન્માન છે.
- જે કલાકારો અને શિક્ષકો અને પ્રદર્શન કલાના ક્ષેત્ર સાથે સંકળાયેલા વિદ્વાનોને આપવામાં આવે છે.
- આ પુરસ્કાર વર્ષ ૧૯૫૨ થી આપવામાં આવે છે.

**(૪) એર ઇન્ડિયાના સીએમડી પ્રદીપ ખરોલા સચિવ બન્યા :**

- એર ઇન્ડિયાના સીએમડી પ્રદીપસિંહ ખરોલાની નિમણૂક નાગરિક ઉડ્ડયન મંત્રાલયના સચિવ તરીકે થઇ છે.
- કર્ણાટક કેડરના ૧૯૮૫ બેન્ચના આઇએએસ અધિકારી ખરોલા ૯ જાન્યુઆરી ૨૦૧૭ના રોજ એર ઇન્ડિયાના સીએમડી બન્યા હતા.

પ્રશ્નો :

૧ દેશમાં ૨૪ કલાક દુકાનો ચાલુ રાખવાનો નિર્ણય લેનાર પ્રથમ રાજ્ય જણાવો ?
- મહારાષ્ટ્ર

૨ દેશમાં ૨૪ કલાક દુકાનો ચાલુ રાખવાનો નિર્ણય લેનાર ગુજરાતનો ક્રમ જણાવો ?
- બીજો

૩ તાજેતરમાં ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સનું આયોજન કયાં થયું હતું ?

– પૂણે

૪ સંગીત નાટક અકાદમી પુરસ્કાર કયા વર્ષથી આપવામાં આવે છે ?

– ૧૯૫૨

૫ તાજેતરમાં નાગરિક ઉડ્ડયન મંત્રાલયના સચિવ તરીકે કોની નિયુક્તિ થઇ ?

– પ્રદીપસિંહ ખરોલો

૬ એર ઇન્ડિયાના સીએમડી જણાવો ?

– પ્રદીપસિંહ ખરોલા

## 8.February 2019

**(૧) રાષ્ટ્રીય કૃમિ મુક્તિ દિવસ :**

– વર્ષ ૨૦૧૫ થી દર વર્ષે ૮ ફેબ્રુઆરીએ રાષ્ટ્રીય કૃમિ મુક્તિ દિવસ મનાવવામાં આવે છે.

– આ દિવસ બાળકોને કુપોષણથી મુક્ત કરવાના હેતુથી ઉજવવામાં આવે છે.

– રાષ્ટ્રીય કૃમિ મુક્તિ દિવસ ૮ ફેબ્રુઆરી અને ૧૦ ઓગસ્ટના રોજ વર્ષમાં બે વખત મનાવવામાં આવે છે.

– ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા આ દિવસ ઉજવવામાં આવે છે.

– આ દિવસે તમામ સ્કૂલ અને આંગણવાડી કેન્દ્રોમાં ૧ થી ૧૯ વર્ષના બધા બાળકોને કૃમિ નિયંત્રણની દવા મફ્ત આપવામાં આવે છે.

– કૃમિ નિયંત્રણ માટે 'આલબેન્ડાઝોલ' નામની દવા આપવામાં આવે છે.

**(૨) સંજીવ ચટ્ટાને 'ફ્રીડમ ઓફ ધ સિટી ઓડ લંડન' સન્માન :**

– ભારતીય સ્ટેટ બેન્કના યુનાઇટેડ કિંગડમ પ્રમુખ સંજીવ ચટ્ટાને 'ફ્રીડમ ઓફ ધ સિટી ઓફ લંડન 'થી સન્માનીત કરવામાં આવ્યા.

– તેમને આ સન્માન દ્વિપક્ષી સંબંધોને મજબૂત બનાવવાના યોગદાન બદલ આપવામાં આવ્યું.

– સંજીવ ચટ્ટા યુનાઇટેડ કિંગડમ ખાતે ભારતીય સ્ટેટ બેન્કના વર્ષ ૨૦૧૪ થી પ્રમુખ છે.

– તેમના નેતૃત્વમાં યુનાઇટેડ કિંગડમમાં SBIના પ્રસારમાં મહત્વપૂર્ણ વૃદ્ધિ થઇ છે.

– ફ્રીડમ ઓફ ધ સિટી ઓફ લંડન 'સન્માન લંડન સિટી કોર્પોરેશન દ્વારા સમાજના મહત્વના સભ્ય કે સેલેબ્રિટીને આપવામાં આવે છે.

– આ સન્માન પ્રાપ્ત કરનાર પ્રથમ ભારતીય જવાહરલાલ નહેરૂ છે.

**(૩) વિદર્ભ – રણજી ટ્રોફી ચેમ્પિયન :**

– ૧ નવેમ્બર ૨૦૧૮ થી શરૂ થયેલ ૮૫મી રણજી ટ્રોફીમાં વિદર્ભ સતત બીજી વાર રણજી ટ્રોફી ચેમ્પિયન બન્યું.

– તેણે ફાઇનલમાં સૌરાષ્ટ્રને ૭૮ રનથી હરાવ્યું.

– વિદર્ભે સતત બીજીવાર ટાઇટલ જીતનારી છઠ્ઠી ટીમ બની છે.

– આ પહેલાં મુંબઇ, મહારાષ્ટ્ર, દિલ્હી, રાજસ્થાન, કર્ણાટકની ટીમ બે વાર સતત વિજેતા બની છે.

– વિદર્ભની ટીમે ટુર્નામેન્ટમાં ૧૧ મેચ રમી અને એકપણ હારી નથી.

– વિદર્ભના ઓપનર બેટ્સમેન ફૈઝ ફઝલ સતત બે ટાઇટલ જીતવાવાળો ૧૧ મો કેપ્ટન બન્યો છે.

– આ વખતે રણજી ટ્રોફીમાં ૮ નવી ટીમો અને બિહારની વાપસી થઇ હતી.

– આમ ૨૮ જુની ટીમો અને બિહાર સાથે ૯ નવી ટીમો સહીત કુલ ૩૭ ટીમો રણજી ટ્રોફીમાં રમી રહી હતી.

– નવી ટીમોમાં અરૂણાચલ પ્રદેશ, સિક્કિમ, ઉત્તરાખંડ, મિઝોરમ, મણીપુર, નાગાલેન્ડ, મેઘાલય અને પોડિચેરી ટીમનો સમાવેશ થાય છે.

– વિદર્ભના કોચ ચંદ્રકાંત પંડિત છે.

– વિદર્ભના કોચ ચંદ્રકાંત પંડિત ખેલાડી હતા ત્યારે પણ ચેમ્પિયન બન્યા હતા.

– તેમના કોચિંગમાં વિદર્ભ ગત વર્ષે વિજેતા બન્યું હતું.

– તે ૧૯૮૩–૮૪ અને ૧૯૮૪–૮૫માં ચેમ્પિયન બનનારી મુંબઇની ટીમમાં હતા.

– તેમણે મુંબઇના કોચ રહેતાં તેને ત્રણ વાર (૨૦૦૨–૦૩, ૨૦૦૩–૦૪, ૨૦૧૫–૧૬)માં ચેમ્પિયન બનાવ્યું.

– તે ૨૦૧૧–૧૨માં ચેમ્પિયન બનનારી રાજસ્થાનની ટીમના પણ કોચ હતા.

**રણજી ટ્રોફી :**

– રણજી ટ્રોફી ભારતના સ્થાનિક અને રાજ્ય ક્રિકેટ એસોસિએશન ટીમો વચ્ચેની ચેમ્પિયનશીપ છે.

– આ ચેમ્પિયનશીપનું નામ રણજીતસિંહ વિભુજી જાડેજાના નામ પરથી રાખવામાં આવ્યું છે.

– ચેમ્પિયનશીપનું પ્રથમ આયોજન જુલાઇ ૧૯૩૪માં કરવામાં આવ્યું હતું.

– જેની પ્રથમ મેચ મદ્રાસ અને મૈસૂર વચ્ચે રમાય હતી.

– ચેમ્પિયનશીપમાં મુંબઇની ટીમે સૌથી વધુ ૪૧ વખત ટાઇટલ જીત્યું છે.

### (4) GSAT-31નું સફળ લોન્ચિંગ

– ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન એ ફ્રેન્ચના ગુયાના અંતરીક્ષ કેન્દ્ર પરથી પોતાના ૪૦માં સંચાર ઉપગ્રહ GSAT ૩૧નું સફળ લોન્ચિંગ કર્યું.

– આ ઉપગ્રહને એરિયન– ૫ રોકેટની મદદથી લોન્ચ કરવામાં આવ્યો છે.

### GSAT-31

– ને ઇસરોના પરિષ્કૃત બેઝ આઇ–૨ પર સ્થાપિત કરવામાં આવશે.

– આ ઉપગ્રહ ભારતીય ભૂપ્રદેશ અને ટાપુને કવરેજ પૂરો પાડશે.

– આ ઉપગ્રહ ૧૫ વર્ષ સુધી સેવા આપશે.

**સંચાર ઉપગ્રહ :**

Vivekanand Academy Gandhinagar

- ટેલિકમ્યુનિકેશન્સ હેતુઓ માટે, સંચાર ઉપગ્રહએ અવકાશમાં એક કૃત્રિમ ઉપગ્રહ છે.
- આ ઉપગ્રહ નિશ્ચિત સેવાઓ માટે માઇક્રોવેવ રેડિયો પ્રસારણ તકનીક પ્રદાન કરે છે.
- જેનો ઉપયોગ જહાજો, વાહનો, વિમાનો તથા ટીવી અને રેડિયો પ્રસારણ માટે થાય છે.
- વર્ષ ૧૯૮૩ માં ભારતે પોતાનો પ્રથમ સંચાર ઉપગ્રહ ઇન્સેટ –1b લોન્ચ કર્યો હતો.

પ્રશ્નો :

(૧) રાષ્ટ્રીય કૃમિ મુક્તિ દિવસ ક્યારે ઉજવાય છે ?
- ૮ ફેબ્રુઆરી અને ૧૦ ઓગસ્ટ

૨ કૃમિ નિયંત્રણ માટે કઇ દવા આપવામાં આપવામાં આવે છે ?
- આલબેન્ડા ઝોલ

૩ 'ફ્રિડમ ઓફ ધ સિટી ઓફ લંડન' સન્માન મેળવનાર પ્રથમ ભારતીય જણાવો ?
- જવાહરલાલ નહેરૂ

૪ રણજી ટ્રોફી વિજેતા–૨૦૧૯ જણાવો ?
- વિદર્ભ

૫ રણજી ટ્રોફી–૨૦૧૯માં કુલ કેટલી ટીમોએ ભાગ લીધો હતો ?
- ૩૭ ટીમ

૬ વિદર્ભ ટીમના કેપ્ટનનું નામ જણાવો ?
- ફૈઝ ફઝલ

૭ રણજી ટ્રોફીની શરૂઆત ક્યારે થઇ હતી ?
- ૧૯૩૪

૮ GSAT ઉપગ્રહને કયા રોકેટ દ્વારા લોન્ચ કરવામાં આવ્યા ?
- એરિયન–૫

## 9.February 2019

### (૧) રોહિત શર્માના ટી–૨૦માં ૫ રેકોર્ડ :

- ભારત– ન્યૂઝીલેન્ડની બીજી ટી–૨૦ મેચમાં કેપ્ટન રોહિત શર્માએ એક દિવસમાં ૫ રેકોર્ડ બનાવ્યા.
- રોહિતે ટી–૨૦માં સૌથી વધારે રન બનાવનાર વિશ્વનો પ્રથમ ખેલાડી બન્યો છે.
- તેના ટી–૨૦માં ૨૨૮૮ રન છે, બીજા સ્થાને ૨૨૭૨ ન્યુઝીલેન્ડના માર્ટિન ગુપ્ટિલ છે.
- રોહિત ટી ૨૦માં ૧૦૦ સિક્સ પુરી કરનાર પ્રથમ ભારતીય બેટ્સમેન બન્યો છે.
- ટી–૨૦ માં ક્રિસ ગેલ અને માર્ટિન ગુપ્ટિલના નામે ૧૦૩ સિક્સ છે.
- મેચમાં ફિફ્ટી બનાવીને તે ટી–૨૦માં સૌથી વધારે ૫૦+ સ્કોર કરનાર ખેલાડી બની ગયો.
- તે ભારતને ન્યૂઝીલેન્ડમાં જીત અપાવનાર પ્રથમ કેપ્ટન બન્યો છે.
- તેમણે ૧૨ ટી–૨૦ જીતી છે. તે મહારાષ્ટ્રના નાગપુરનો વતની છે.

### (૨) આંતરરાષ્ટ્રીય બૌદ્ધિક સંપદા સૂચકાંક –૨૦૧૯

- અમેરિકાની ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા તાજેતરમાં આંતરરાષ્ટ્રીય બૌદ્ધિક સંપદા સૂચકાંક ૨૦૧૯ જાહેર કરવામાં આવ્યો.
- આ સૂચકાંકમાં કુલ ૫૦ દેશોમાં ભારત ૩૬માં સ્થાને રહ્યું.
- ૨૦૧૮માં ભારત ૪૪ માં સ્થાને હતું.
- ૨૦૧૭માં આ યાદીમાં ૪૫ દેશોમાં ભારત ૪૩મું સ્થાન પામ્યું હતું.
- આ સૂચકાંકમાં ચીન અને પાકિસ્તાન અનુક્રમે ૨૫માં અને ૪૭માં સ્થાને છે.
- સૂચકાંકમાં વેનેઝુએલા ૫૦ માં સ્થાને છે.

| ક્રમ | દેશ |
|---|---|
| ૧ | અમેરિકા |
| ૨ | બ્રિટન |
| ૩ | સ્વીડન |
| ૪ | ફ્રાન્સ |
| ૫ | જર્મની |

### (૩) વેટલિફ્ટર મીરબાઇ ચાનુ – EGAT કપમાં સુવર્ણ ચંદ્રક

- ભારતીય વેટલિફ્ટર મીરબાઇ ચાનુએ થાઇલેન્ડમાં આયોજિત EGAT કપમાં ૪૯ કિગ્રા શ્રેણીમાં સુવર્ણ ચંદ્રક જીત્યો.
- તેણીએ ઇવેન્ટમાં ૧૯૨ કિગ્રા વજન ઊચકી આ ચંદ્રક મેળવ્યો.
- મીરબાઇ ચાનુનો જન્મ મણિપુરના ઇમ્ફાલમાં વર્ષ ૧૯૯૪માં થયો હતો.
- વર્ષ ૨૦૧૪માં તેમણે રાષ્ટ્રમંડળ રમતોમાં ૪૮ કિગ્રા વજન ઊચકી રજત પદક જીત્યો હતો.
- વર્ષ ૨૦૧૮માં રાષ્ટ્રમંડળ રમતોમાં તેણે સુવર્ણપદક મેળવ્યો હતો.
- મીરબાઇ ચાનુંને વર્ષ ૨૦૧૮માં રાજીવ ગાંધી ખેલ રત્નથી સન્માનીત કરવામાં આવ્યા હતા.

પ્રશ્નો :

૧ ટી–૨૦ નાં સૌથી વધારે રન બનાવનાર વિશ્વનો પ્રથમ ખેલાડી જણાવો ?
- રોહિત શર્મા

૨ રોહિત શર્મા કયા રાજયનો વતની છે ?
- મહારાષ્ટ્રના નાગપુર

૩ આંતરરાષ્ટ્રીય બૌદ્ધિક સંપ્રદા સૂચકઆંક–૨૦૧૯ માં ૫૦ દેશોમાં ભારતનું સ્થાન જણાવો ?
- ૩૬માં

૪ મીરાબાઇ ચાનુ નું કાર્યક્ષેત્ર જણાવો ?
- વેઇટલિફ્ટર

૫ મીરાંબાઇ ચાનુને રાજીવ ગાંધી ખેલ રત્નથી કયાં વર્ષમાં સન્માનીત કરવામાં આવ્યા ?
- ૨૦૧૮

## 10.February 2019

**(૧) એર ઇન્ડિયા વન માટે મિસાઇલ રક્ષા સિસ્ટમને મંજૂરી :**

- તાજેતરમાં અમેરિકાના રાષ્ટ્રપતિ દ્વારા એર ઇન્ડિયા વન માટે બે મિસાઇલ રક્ષા સિસ્ટમ બેચને મંજૂરી આપવામાં આવી.
- બે મિસાઇલ રક્ષા સિસ્ટમમાં લાર્જ એરક્રાફ્ટ ઇન્ફ્રારેટ કાઉન્ટરમેજર અને સેલ્ફ પ્રોટેક્શન સુઇટ્સનો સમાવેશ થાય છે.
- એર ઇન્ડિયા વન વિમાન બૌઇંગ ૭૭૭ હેડ ઓફ સ્ટેટ એર ક્રાફટનો ઉપયોગ ભારતના પ્રધાનમંત્રી અને રાષ્ટ્રપતિ કરે છે.
- આ મિસાઇલ સિસ્ટમથી પ્રધાનમંત્રી અને રાષ્ટ્રપતિના વિમાનની સુરક્ષામાં વધારો થશે.

**(૨) દરવાજા બંધ – ભાગ–૨ અભિયાન :**

- સ્વચ્છ ભારત મિશન અંતર્ગત તાજેતરમાં 'દરવાજા બંધ–ભાગ–૨' અભિયાન શરૂ કરવામાં આવ્યું.
- આ અભિયાન દેશના ગ્રામીણ ક્ષેત્રોમાં ખૂલ્લામાં શૌચથી મુક્ત કરવાના હેતુથી પર કાર્ય કરશે.
- આ અભિયાન અભિનેતા અમિતાભ બચ્ચનના અધ્યક્ષ સ્થાને લોન્ચ કરવામાં આવ્યું હતું.
- આ અભિયાનમાં વિશ્વ બેન્ક સમર્થક છે.
- અભિયાનના બ્રાન્ડ એમ્બેસેડર અમિતાભ બચ્ચન છે.
- દેશભરમાં સ્વચ્છતા પ્રાપ્ત કરવા માટે વર્ષ –૨૦૧૪માં સ્વચ્છ ભારત મિશનની શરૂઆત કરવામાં આવી હતી.

**(૩) 'લૉ, જસ્ટિસ એન્ડ જુડીશિયલ પાવર' :**

- તાજેતરમાં 'લૉ જસ્ટિસ એન્ડ જૂડિશિયલ પાવર–જસ્ટિસ પી.એન. ભગવતીસ એપ્રોચ 'પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું.
- આ પુસ્તક મૂળચંદ્ર શર્મા દ્વારા લખવામાં આવ્યું છે, જેનું વિમોચન ભારતના મુખ્ય ન્યાયાધીશ રંજન ગોગોઇ દ્વારા કરવામાં આવ્યું.
- આ પુસ્તકમાં જસ્ટિસ પી.એન. ભગવતીના ન્યાયી કર્યો અને તેમના મહત્વપૂર્ણ નિર્ણયો દર્શાવવામાં આવ્યા છે.
- આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદને આપવામાં આવી.
- જસ્ટિસ પી.એન. ભગવતીને જાહેર હિતના દાવાઓના જનક તરીકે ઓળખવામાં આવે છે.
- તેમણે જાહેર હિતના દાવાઓ (Public Interest Litigration) દાખલ કરવાની શરૂઆત કરી હતી.
- પી.એન. ભગવતીનો જન્મ ગુજરાતના અમદાવાદ ખાતે થયો હતો.
- તેઓ ભારતના ૧૭માં મુખ્ય ન્યાયાધીશ તરીકે ફરજ બજાવતા હતા.
- તેમણે ચીફ જસ્ટિસ ઓફ ગુજરાત તરીકે ગુજરાત હાઇકોર્ટમાં વર્ષ ૧૯૬૭ થી ૧૯૭૩ સુધી સેવા આપી છે.
- વર્ષ ૨૦૦૮માં તેમને ભારત સરકાર દ્વારા પદ્મવિભૂષણ સન્માન આપવામાં આવ્યું હતું.
- મુખ્ય ન્યાયાધીશ રંજન ગોગોઇ દેશના ૪૬માં મુખ્ય ન્યાયાધીશ છે. તેમનો જન્મ આસામના દિબ્રુગઢમાં થયો હતો.

**(૪) ભારતીય સિનેમેટોગ્રાફ સુધારા એક્ટ–૨૦૧૯**

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રિય કેબિનેટે ભારતીય સિનેમેટોગ્રાફ સુધારા એક્ટ –૨૦૧૯ને મંજૂરી આપી.
- આ એક્ટથી ભારતીય સિનેમેટોગ્રાફ એક્ટ–૧૯૫૨માં સુધારા કરવામાં આવશે.
- આ એક્ટનો મુખ્ય ઉદ્દેશ ફિલ્મ પાયરેસી પર પ્રતિબંધ લગાવવાનો છે.
- નવા સુધારા અંતર્ગત પાયરેસીને દંડીય અપરાધ બનાવવામાં આવ્યો છે.
- પાયરેસીના અપરાધીને ત્રણ વર્ષની સજા તેમજ ૧૦ લાખ રૂપિયાનો દંડ કરવામાંની જોગવાઇ કરવામાં આવી છે.

**(૫) રાષ્ટ્રીય કામધેનુ આયોગ :**

- પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના અધ્યક્ષ સ્થાને મળેલી કેન્દ્રિય કેબિનેટે રાષ્ટ્રીય કામધેનુ આયોગની સ્થાપનાને મંજૂરી આપી.
- આ આયોગ ગાયોના વિકાસ, સુરક્ષા અને સંરક્ષણના કાર્યો કરશે.
- આયોગની સ્થાના અંગેની ઘોષણા અંતરીમ બજેટ–૨૦૧૯ –૨૦ અંતર્ગત નાણાંમંત્રી પિયુષ ગોયલ દ્વારા કરવામાં આવી હતી.
- રાષ્ટ્રીય કામધેનુ આયોગ કૃષિ વિશ્વવિદ્યાલય, પશુવિજ્ઞાન, કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર અને સંગઠનો સાથે મળી કાર્ય કરશે.

પ્રશ્નો :

૧ 'દરવાજા બંધ– ભાગ– ૨ અભિયાન કયા મીશન અંતર્ગત આવે છે ?
- સ્વચ્છ ભારત મિશન

૨ દરવાજા બંધ ભાગ–૨ અભિયાન ના બ્રાન્ડ એમ્બેસેડર જણાવો ?
- અમિતાભ બચ્ચન

૩ 'વો, જસ્ટિસ એન્ડ જુડિશિયલ પાવર' પુસ્તકનું વિમોચન કોના દ્વારા કરવામાં આવ્યું ?
- રંજન ગોગોઇ

૪ લો, જસ્ટિસ એન્ડ 'જ્યુડિશિયલ પાવર' પુસ્તક કોના દ્વારા લખવામાં આવ્યું ?
- મૂળચંદ્ર શર્મા

૫ જાહેર હિતના દાવાઓના જનક (PIL) તરીકે કોને ઓળખવામાં આવે છે ?
- પી.એન. ભગવતી

૬ ભારતીય સિનેમટો ગ્રાફ સુધારા એક્ટ ૨૦૧૯ અંતર્ગત પાયરેસીના અપરાધીને કેટલી સજા કરવામાં આવશે ?
- ત્રણ વર્ષની સજા તેમજ ૧૦ લાખ રૂપિયાનો દંડ

Vivekanand Academy Gandhinagar

૭ કોના અધ્યક્ષસ્થાને મળેલી કેન્દ્રીય કેબીનેટે 'રાષ્ટ્રીય કામધેનુ આયોગ' ની સ્થાપનાને મંજૂરી આપી ?
- નરેન્દ્ર મોદી

## 11.February 2019

### (૧) નરેન્દ્ર મોદીનો અરૂણાચલ પ્રદેશ પ્રવાસ :

- તાજેતરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના અરૂણાચલ પ્રદેશ પ્રવાસ પર અનેક વિકાસ કાર્યોનું લોકાર્પણ કર્યું.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઇટાનગરના આઇજી પાર્ક ખાતેથી ઘણા વિકાસ પ્રોજેક્ટ્સનું અનાવરણ કર્યું.
- પ્રધાનમંત્રીએ અરૂણાચલ પ્રદેશ માટે વિશેષ ડીડી ચેનલ – અરૂણ પ્રભાનો પ્રારંભ કરાવ્યો હતો.
- પ્રધાનમંત્રી મોદીએ હોલાંગીના ગ્રીનફિલ્ડ એરપોર્ટના નિર્માણ માટે આધારશીલા રાખી તેમજ તેજુ એરપોર્ટનું ઉદ્ઘાટન કર્યું.

**સેલા ટનલ :**

- વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ અરૂણાચલ પ્રદેશમાં સેલા ટનલનો શિલાન્યાસ કર્યો હતો.
- સેલા ટનલનું નિર્માણ સીમા સડક સંગઠન (બોર્ડર રોડ ઓર્ગેનાઇઝેશન) દ્વારા કરવામાં આવ્યું છે.
- આ પરિયોજનાની ઘોષણા વર્ષ ૨૦૧૮ના કેન્દ્રિય બજેટ દરમ્યાન નાણાંમંત્રી અરૂણ જેટલી દ્વારા કરવામાં આવી હતી.
- આ ટનલ ૧૨.૦૪ કિમી લાંબી બનાવવામાં આવશે.

### (૨) એન્ટિ– ટેન્ક મિસાઇલ હેલિનાનું સફળ પરીક્ષણ :

- તાજેતરમાં એન્ટિ– ટેન્ક મિસાઇલ હેલિનાનું સફળ પરીક્ષણ કરવા આવ્યું.
- આ પરીક્ષણ ઓડિશાના બાલાસોર જિલ્લાના ચંદિપુર પરીક્ષણ રેન્જ ખાતે હેલિકોપ્ટર દ્વારા કરવામાં આવ્યું.
- હેલિના એન્ટિ– ટેન્ક મિસાઇલ 'નાગ' નું હેલિકોપ્ટર સંસ્કરણ છે.
- આ મિસાઇલનું નિર્માણ ભારતીય સેનાના હેલિકોપ્ટરમાં ઉપયોગ કરવા માટે કરવામાં આવ્યું છે.
- મિસાઇલનું નિર્માણ સરકારી કંપની ભારત ડાયનામિક્સ દ્વારા કરવામાં આવ્યું છે.
- હેલિના મિસાઇલની રેન્જ ૭ થી ૧૦ કિમીની છે.
- આ મિસાઇલનું નિર્માણ દુશ્મનોના ટોપ અને અન્ય અતિસુરક્ષિત વાહનોને નષ્ટ કરવા કરવામાં આવ્યો છે.

### (3) ચિનૂક હેલિકોપ્ટરનું ભારત

- ભારતમાં ચિનૂક હેલિકોપ્ટરનું આગમન થયું છે.
- ભારતીય સેના માટે તૈયાર કરવામાં આવેલ ચિનૂકનુ ગુજરાતના મુદ્રા બંદર પર આગમન થયું છે.
- આ હેલિકોપ્ટરનો ઉપયોગ ભારતના સૈનિકોને ઓછા સમયમાં કોઇ સ્થાને તેનાત કરવા માટે થશે.
- આ હેલિકોપ્ટર માટે ભારત અને અમેરિકા વચ્ચે સપ્ટેમ્બર ૨૦૧૫માં કરાર કરવાં આવ્યા હતા.
- કરાર મુજબ અમેરીકાથી કુલ ૧૫ ચિનૂક હેલિકોપ્ટર ભારત આવશે.
- CH-47F ચિનૂક હેલિકોપ્ટર ૧૦ ટન વજન ઊચકવા સક્ષમ છે.
- આ હેલિકોપ્ટરનો મોટાપાયે તોપખાના, યુદ્ધભૂમિના પુનપ્રાપ્તિ અને સૈન્યના પરિવહન માટે ઉપયોગ થાય છે.

પ્રશ્નો :

૧ મોદીએ કયા રાજ્યમાં ડીડી ચેનલ –અરૂણ પ્રભાનો પ્રારંભ કરાવ્યો ?
- અરૂણાચલ પ્રદેશ

૨ અરૂણાચલ પ્રદેશમાં સેલા ટનલનો શિલાન્યાસ કોના દ્વારા કરવામાં આવયો ?
- શ્રી નરેન્દ્ર મોદી

૩ એન્ટિ–ટેન્ક મિસાઇલ હેલિનાનું પરીક્ષણ કયાં સ્થળેથી કરવામાં આવ્યું છે ?
- ઓડિશાના બાલાસોટનાં ચંદિપુર ખાતેથી

૪ હેલિના મિસાઇલની રેન્જ જણાવો ?
- ૭ થી ૧૦ કિ.મી.

૫ ચિનુક હેલિકોપ્ટર ભારતે કયા દેશમાંથી એનાયત ક્યાં ?
- અમેરિકા

૬ ચિનુક હેલિકોપ્ટર માટે ભારત અને અમેરિકા વચ્ચે ક્યારે કરાર થયા હતા ?
- ૨૦૧૫

૭ ભારતે કરાર મુજબ કેટલા ચિનુક હેલિકોપ્ટર અમેરિકા પાસેથી ખરીદ્યા ?
- ૧૫

## 12.February 2019

### (૧) પ્રધાનમંત્રીનો ત્રિપુરા પ્રવાસ :

- પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ પોતાના ત્રિપુરા પ્રવાસ દરમ્યાન ઘણા વિકાસ કાર્યોનું ઉદ્ઘાટન કર્યું.
- તેમણે દક્ષિણ ત્રિપુરામાં રાષ્ટ્રીય રેલવે પરિયોજના અંતર્ગત આવતા ૨૩.૩૨ કિમી રેલવે ટ્રેકનું ઉદ્ઘાટન કર્યું.
- ત્રિપુરાના નરસિંહગઢ ખાતે તેમણે ટેકનોલોજી સંસ્થાના નવનિર્મિત કોમ્પલેક્ષનું ઉદ્ઘાટન કર્યું હતું. આ કોમ્પલેક્ષનું નિર્માણ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા સંયુક્તરીતે કરવામાં આવ્યું.
- વડાપ્રધાન મોદીએ ત્રિપુરાના અગરતલા એરપોર્ટ ખાતે ત્રિપુરાના અંતિમ શાસક મહારાજા વીર વિક્રમ કિશોર માણિક્યની મૂર્તિનું અનાવરણ કર્યું હતું.
- મહારાજા વીર વિક્રમ કિશોર માણિક્યએ ત્રિપુરામાં વર્ષ ૧૯૨૩ થી ૧૯૪૭ દરમ્યાન શાસન કર્યું હતું.

### (૨) આબુ ધાબી કોર્ટમાં હિન્દી ત્રીજી સત્તાવાળા ભાષા :

- સંયુક્ત અરબ અમીરાત (યુએઇ)ની રાજધાની અબુધાબી ખાતે કોર્ટમાં હિન્દી ભાષાને સત્તાવાર ભાષાનો દરજ્જો આપવામાં આવ્યો.
- ન્યાયાલયમાં અંગ્રેજી અને અરબી ભાષા બાદ હિન્દી ત્રીજી સત્તાવાર ભાષા બની છે.

- દર વર્ષે ૧૪મી સપ્ટેમ્બર વિશ્વભરમાં 'હિન્દી ડે' ઉજવવામાં આવે છે.

**(૩) ગ્રેમી એવૉર્ડ –૨૦૧૯ :**

- અમેરિકાના લોસ એન્જલસ ખાતે ૬૧માં ગ્રેમી એવૉર્ડ સમારંભનું આયોજન કરવામાં આવ્યું.
- આ એવોર્ડ સમારોહનું હોસ્ટિંગ એલિસિયા કીઝ દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ એવોર્ડ એવોર્ડ્સ રેકોર્ડિંગ એકેડમી દ્વારા પ્રદાન કરવામાં આવ્યાં હતાં.
- રેપર કાર્ડી બી ગ્રેમી એવોર્ડ્સ –૨૦૧૯માં શ્રેષ્ઠ રૅપ આલ્બમ એવોર્ડ જીતનાર પ્રથમ સોલો મહિલા કલાકાર બની છે.
- સમારોહમાં ક.સી. મુસગ્રાવિસે બેસ્ટ કન્ટ્રી આલબમ, બેસ્ટ કન્ટ્રી સોન્ગ, બેસ્ટ કન્ટ્રી સોલો પરફોર્મન્સ અને આલબમ ઓફ ધ યર સહિત ચાર એવૉર્ડ્સ મળ્યા હતા.

**ગ્રેમી એવોર્ડ્સ :**

- ગ્રેમી એવોર્ડ અંગ્રેજી ભાષામાં સંગીતક્ષેત્રે યોગદાન બદલ આપવામાં આવે છે.
- ગ્રેમી એવોર્ડ સંગીત ક્ષેત્રે આપવામાં આવતો વિશ્વનો સર્વોચ્ચ પુરસ્કાર છે.
- પ્રથમ ગ્રેમી એવોર્ડ વર્ષ ૧૯૫૯માં આપવામાં આવ્યો હતો.

**(૪) રૂચિરા કમ્બોજ ભૂટાન ખાતે ભારતીય રાજદૂત :**

- ૧૯૮૭ બેચના વિદેશી સેવા અધિકારી રૂચિરા કમ્બોજને ભૂટાન ખાતે ભારતના રાજદૂત નિયુક્ત કરવામાં આવ્યા.
- અગાઉ તેઓ દક્ષિણ આફ્રિકા ખાતે ભારતીય ઉચ્ચાયુક્ત તરીકે કાર્યરત હતા.
- ભારત અને ભૂટાન વચ્ચે રાજકીય સંબધોની શરૂઆત વર્ષ ૧૯૬૮માં થઇ હતી.
- ભારતે વર્ષ ૧૯૬૮માં ભૂટાનની રાજધાની થિમ્ફુ ખાતે વિશેષ કાર્યાલયની સ્થાપના કરી હતી.
- ભારત અને ભૂટાનના સંબંધોનું નિયમન મૈત્રી અને સહયોગ સંધિ અંતર્ગત કરવામાં આવે છે.
- આ સંધિ પર બંને દેશો દ્વારા વર્ષ ૧૯૪૯માં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- વર્ષ ૨૦૧૮માં ભારત અને ભૂટાનના સંબંધોના ૫૦ વર્ષ પૂરા થયા હતા.

**(૫) વિશ્વ સરકાર શિખર સંમેલન–૨૦૧૯**

- તાજેતરમાં સંયુક્ત અરબ અમીરાતના દુબઇ ખાતે સાતમા વાર્ષિક વિશ્વ સરકાર શિખર સંમેલનનું આયોજન કરવામાં આવ્યું.
- આ સંમેલનમાં ૧૪૦ દેશોના ૪૦૦૦થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.
- વિશ્વ સરકાર શિખર સંમેલન એક વૈશ્વિક મંચ છે જે દર વર્ષે સરકારની ભવિષ્યની પેઢી માટે એજન્ડા નક્કી કરે છે.

પ્રશ્નો :

(૧) ત્રિપુરાના અંતિમ શાસક મહારાજાનું નામ જણાવો ?
- વીર વિક્રમ કિશોર માણિક્ય

(૨) યુએઇની રાજધાની જણાવો ?
- અબુધાબી

(૩) અબુધાબી કોર્ટમાં ત્રીજી સત્તાવાર ભાષાનું નામ જણાવો ?
- હિન્દી

(૪) 'હિન્દી દિવસ' ક્યારે મનાવાય છે ?
- ૧૪ સપ્ટેમ્બર

(૫) ૬૧માં ગ્રેમી એવોર્ડ સમારંભનું આયોજન ક્યાં થયું હતું ?
- અમેરિકાના લોસ એન્જલસ ખાતે

(૬) સંગીત ક્ષેત્રનો વિશ્વનો સર્વોચ્ચ પુરસ્કાર જણાવો ?
- ગ્રેમી એવોર્ડ

(૭) ભુટાન ખાતે ભારતના રાજદૂત તરીકે કોની નિયુક્તિ થઇ ?
- રૂચિરા કમ્બોજ

(૮) વિશ્વ સરકાર શિખર સંમેલન –૨૦૧૯નું આયોજન ક્યાં થયું હતું ?
- દુબઇ

## 13.February 2019

**(૧) રાષ્ટ્રીય મહિલા દિવસ :**

- આ દિવસ ભારતના રાષ્ટ્રીય નેતા અને સ્વતંત્રતા સેનાની સરોજિની નાયડુની યાદમાં મનાવવામાં આવે છે.
- સરોજિની નાયડુનો જન્મ ૧૩ ફેબ્રુઆરી ૧૮૭૯ના રોજ થયો હતો.
- વર્ષ ૧૯૨૫ના રોજ કાનપુર અધિવેશનમાં તેઓ કોંગ્રેસના પહેલા મહિલા પ્રમુખ બન્યા હતા.
- ભારતની સ્વતંત્રતા બાદ તેઓ ઉત્તરપ્રદેશના પ્રથમ રાજ્યપાલ બન્યા હતા.
- ધરાસણા સત્યાગ્રહમાં ગાંધીજીની ધરપકડ પછી સરોજિની નાયડુએ સત્યાગ્રહનું નેતૃત્વ સંભાળ્યું.

'શ્રમ કરતે હૈ હમ, કિ સમુદ્ર હો તુમ્હારી
જાગૃતિ કા ક્ષણ, હો ચુકા જાગરણ અબ
દેખો, નિકલા દિન કિતના ઉજ્જવલ'
– સરોજિની નાયડુ

**(૨) આજના દિવસે દેશનું પાટનગર દિલ્લી બન્યું હતું :**

- વર્ષ ૧૯૩૧માં ૧૩ ફેબ્રુઆરીએ દિલ્લીને ભારતનું પાટનગર બનાવાયું હતું.
- જ્યોર્જ પંચમ દ્વારા દેશની રાજધાની કલકત્તાથી ખસેડીને દિલ્લી બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.
- વર્ષ ૧૯૧૧માં જ્યોર્જ પંચમ ભારત આવ્યા હતા તેમણે ૧૨ ડિસેમ્બર ૧૯૧૧ના રોજ દિલ્લીનું ખાતમુર્હૂત કર્યું હતું.

**(૩) વિશ્વ રેડિયો દિવસ :**

- દર વર્ષે ૧૩ ફેબ્રુઆરીના રોજ વિશ્વભરમાં વિશ્વ રેડિયો દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસ મનોરંજન, માહિતી અને સંચાર માધ્યમ ક્ષેત્રે રેડિયોના યોગદાન બદલ ઉજવવામાં આવે છે.

Vivekanand Academy Gandhinagar

- વર્ષ ૨૦૧૯ થીમ– 'વાર્તા, સહિષ્ણુતા અને શાન્તિ'
- યુનેસ્કો દ્વારા વર્ષ ૨૦૧૧માં તેની ૩૬મી મહાસભા દરમ્યાન આ દિવસની ઉજવણી અંગે જાહેરાત કરવામાં આવી હતી.
- પ્રથમ વખત વર્ષ ૨૦૧૨માં વિશ્વ રેડિયો દિવસ મનાવવામાં આવ્યો હતો.

**ભારતમાં રેડિયો સેવા :**

- ભારતમાં વર્ષ ૧૯૨૩માં રેડિયો ક્લબ ઓફ બોમ્બેની સ્થાપના કરવામાં આવી હતી.
- ઓલ ઇન્ડિયા રેડિયો ભારતના માહિતી અને પ્રસારણ મંત્રાલય હેઠળ ચાલતી જાહેર ક્ષેત્રની રેડિયો પ્રસારણ સેવા છે.
- ભારતમાં રેડિયો પ્રસારણની શરૂઆત ૧૯૨૭માં મુંબઇ અને કોલકાતમાં થઇ હતી.
- જેનું રાષ્ટ્રીયકરણ વર્ષ ૧૯૩૦ના દાયકામાં થયું હતું તેનું નામ  ઇંડિયન બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન રાખવામાં આવ્યું હતું.
- ૧૯૩૬માં તેનું નામ બદલીને ઓલ ઇન્ડિયા રેડિયો કરવામાં આવ્યું હતું.

**(૪) ગુજરાતના ગૌરવમાં વધારો :**

- ગુજરાતના મહીસાગર જિલ્લામાં સંતરામપુરના જંગલ ખાતે નાઇટ વિઝન કેમેરામાં વાઘ હોવાની જાહેરાત વનવિભાગ દ્વારા કરવામાં આવી.
- આ સાથે ગુજરાત સિંહ અને દીપડા બાદ બિલાડી કુળનું ત્રીજું પ્રાણી વાઘ ધરાવતું પહેલું રાજ્ય બન્યું છે.
- ગુજરાતમાં ૩૦ વર્ષ બાદ વાઘ જોવા મળ્યો છે અગાઉ ડાંગ જિલ્લાના જંગલમાં વાઘ જોવા મળ્યો હતો.

**(૫) પ્રધાનમંત્રીનો હરિયાણા પ્રવાસ :**

- ૧૨ નવેમ્બર, ૨૦૧૯ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હરિયાણામાં કુરુક્ષેત્રની મુલાકાત લીધી હતી.
- તેમણે સ્વચ્છ શક્તિ–૨૦૧૯ કાર્યક્રમમાં ભાગ લીધો.
- પ્રધાનમંત્રીએ સ્વચ્છ શક્તિ –૨૦૧૯માં સ્વચ્છ શક્તિ પુરસ્કાર એનાયત કર્યા હતા.
- સ્વચ્છ શક્તિ–૨૦૧૯ એક રાષ્ટ્રીય કાર્યક્રમ છે, જેમાં સમગ્ર દેશના મહિલા પંચ અને સરપંચનો સમાવેશ થાય છે.
- આયોજનમાં લગભગ ૧૫૦૦૦ મહિલાઓએ ભાગ લીધો હતો. આ આયોજનનો મુખ્ય હેતુ મહિલા સશક્તિકરણ છે.
- પ્રધાનમંત્રીએ હરિયાણામાં અનેક વિકાસ યોજનાઓનો પાયો નાખ્યો અને ઉદ્દઘાટન કર્યું હતું.

**પ્રધાનમંત્રીએ પ્રારંભ કરેલ અન્ય પરિયોજનાઓ :**

**ઝજ્જરના ભાડસામાં રાષ્ટ્રીય કેન્સર સંસ્થાનનો પ્રારંભ**

- રાષ્ટ્રીય કેન્સર સંસ્થાન કેન્સર અને સંશોધન સંસ્થા છે.
- જે ઑલ ઇન્ડિયા આયુર્વેદ ઇન્સ્ટિટ્યૂટ ઝજ્જરના પરિસરમાં બનેલ છે.

**ઇસીઆઇસી મેડિકલ કોલેજ અને હોસ્પિટલ ફરીદાબાદનું ઉદ્દઘાટન**

- આ ઉત્તર ભારતના પ્રથમ ઇસીઆઇસી મેડિકલ કૉલેજ અને હોસ્પિટલ છે.
- ઇએસઆઇસી શ્રમ અને રોજગાર મંત્રાલય હેઠળ આવતી સંસ્થા છે.

**પંચકુલામાં રાષ્ટ્રીય આયુર્વેદ સંસ્થાનો શિલાન્યાસ :**

- પ્રધાનમંત્રીએ પંચકુલામાં રાષ્ટ્રીય આયુર્વેદ સંસ્થાનો શિલાન્યાસ કર્યો.
- આ શિલાન્યાસ પંચકુલામાં માતા માનસા દેવી મંદિર સંકુલમાં કરાયું.
- નિર્માણ કાર્ય પૂર્ણ થાય બાદ તે આયુર્વેદિક સારવાર, શિક્ષણ અને સંશોધનની રાષ્ટ્ર વર્ગા સંસ્થા બનશે.

**શ્રીકૃષ્ણ આયુષ યુનિવર્સિટી કુરૂક્ષેત્ર :**

- પ્રધાનમંત્રીએ કુરૂક્ષેત્રમાં શ્રીકૃષ્ણ આયુષ યુનિવર્સિટીનો શિલાન્યાસ કર્યો.
- આ સંસ્થા દેશની પ્રથમ ભારતીય ચિકિત્સા પદ્ધતિની યુનિવર્સિટી છે.

**સ્વચ્છ શક્તિ–૨૦૧૯ :**

- પ્રથમ સ્વચ્છ શક્તિ કાર્યક્રમની શરૂઆત વર્ષ ૨૦૧૭માં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના ગાંધીનગર ખાતેથી કરી હતી.
- વર્ષ ૨૦૧૮માં બીજા સ્વચ્છ શક્તિ કાર્યક્રમનું આયોજન ઉત્તર પ્રદેશના લખનૌમાં થાય હતું.
- સ્વચ્છ શક્તિ–૨૦૧૯ આ કાર્યક્રમનું ત્રીજું આયોજન છે જે કુરૂક્ષેત્રમાં થયું છે.

**(૬) નર્મદા જયંતિ :**

- દર વર્ષે ગુજરાતી કેલેન્ડર આધારિત મહા માસના શુક્લ પક્ષ સાતમના રોજ નર્મદા જયંતિ ઉજવવામાં આવે છે.
- નર્મદા જયંતીના પાવન પર્વે શ્રદ્ધાળુ નર્મદા સ્થાન કરે છે.
- નર્મદા નદી પાણીના જથ્થાની દ્રષ્ટિએ ગુજરાતની સૌથી મોટી નદી છે

પ્રશ્નો :

૧ રાષ્ટ્રીય મહિલા દિવસ ક્યારે મનાવાય છે ?
- ૧૩ ફેબ્રુઆરી

૨ રાષ્ટ્રીય મહિલા દિવસ કોની યાદમાં મનાવાયું છે ?
- સરોજિની નાયડુ

૩ કોણે દેશની રાજધાની કલકત્તાથી ખસેડીને દિલ્લી મનાવી ? ક્યારે ?
- જ્યોર્જ પંચમ, ૧૩ ફેબ્રુઆરી, ૧૯૩૧

૪ વિશ્વ રેડીયો દિવસ ક્યારે મનાવાય છે ?
- ૧૩ ફેબ્રુઆરી

૫ ભારતમાં રેડિયો ક્લબ ઓફ બોમ્બેની સ્થાપના ક્યારે થઈ હતી ?
- ૧૯૨૩

Vivekanand Academy Gandhinagar

૬ વાઘ એ કયા કુળનું પ્રાણી છે?
- બિલાડી કુળ
૭ સ્વચ્છ શક્તિ–૨૦૧૯ કાર્યક્રમ કયાં યોજાયો હતો ?
- કુરુક્ષેત્ર, હરિયાણા
૮ પાણીના જથ્થાની દ્રષ્ટિએ ગુજરાતની સૌથી મોટી નદી જણાવો ?
- નર્મદા

## 14.February 2019

**(૧) શ્રી અટલ બિહારી વાજપાઇના ફોટાનું અનાવરણ :**
- રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે સંસદ ભવન ખાતે કેન્દ્રીય હોલમાં ભારતના પૂર્વ પ્રધાનમંત્રી શ્રી અટલ બિહારી વાજપાઇના ફોટાનું અનાવરણ કર્યું.
- આ અવસરે ઉપરાષ્ટ્રપતિ શ્રી વેંકૈયા નાયડુ, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને લોકસભા સ્પીકર સુમિત્રા મહાજન હાજર રહ્યા હતા.

**શ્રી અટલ બિહારી વાજપાઇ :**
- તેમનો જન્મ મધ્યપ્રદેશના ગ્વાલિયરમાં ૨૫ ડિસેમ્બર ૧૯૨૪ના રોજ થયો હતો.
- જન્મદિવસ નિમિત્તે રાષ્ટ્રીય સુશાસન દિવસ મનાવવામાં આવે છે.
- ૨૫ ડિસેમ્બર ૨૦૧૪ના રોજ તેમના ૯૦ મા જન્મદિવસ 'સુશાસન દિવસ' મનાવવાની જાહેરાત કરાઇ હતી.
- ૧૯૯૬માં ૧૩ દિવસ, ૧૯૯૮–૧૯૯૯ માં ૧૩ મહિના અને ૧૯૯૯ – ૨૦૦૪માં ૫ વર્ષ એમ ત્રણ વખત સેવા આપી.
- તેઓ વડાપ્રધાન પદે સૌથી ઓછા સમયગાળા માટે રહેનાર વડાપ્રધાન છે.
- તેઓ પ્રથમ બિનકોંગ્રેસી વડાપ્રધાન જેઓ પાંચ વર્ષ સરકાર ચલાવવામાં સફળ રહ્યા હતાં.
- તેઓ પ્રજાસત્તાક ભારતના ૧૦માં વડાપ્રધાન તરીકે અલગ અલગ ત્રણ વખત સેવા આપી.

**(૨) ભારતીય ઇતિહાસકાર સંજય સુબ્રમણ્યમને ડેન ડેવિડ પુરસ્કાર :**
- તાજેતરમાં ભારતીય ઇતિહાસકાર સંજય સુબ્રમણ્યમને ઇઝરાઇલના પ્રતિષ્ઠિત ડેન ડેવિડ પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા છે.
- વિશ્વના ઇતિહાસમાં મહત્વના યોગદાન બદલ આ પુરસ્કાર માટે તેમની પસંદગી કરવામાં આવી.
- આ પુરસ્કાર સાથે ઇતિહાસકારોને દસ લાખ યુએસ ડોલર આપવામાં આવે છે.

**ડેન ડેવિડ પુરસ્કાર :**
- આ પુરસ્કાર ડેન ડેવિડ ફાઉન્ડેશન અને તેલ અવીવ યુનિવર્સિટી દ્વારા દર વર્ષે સંયુક્ત રીતે આપવામાં આવે છે.
- આ પુરસ્કાર ત્રણ શ્રેણીમાં આપવામાં આવે છે.
  (૧) ભૂતકાળ (૨) વર્તમાન (૩) ભવિષ્ય

**પ્રથમ પુરસ્કાર મે ૨૦૦૨માં આપવામાં આવ્યો હતો.**

વર્ષ ૨૦૦૨માં આપવામાં આવેલા પ્રથમ ત્રણ પુરસ્કારો.
૧. વૉરબર્ગ લાઇબ્રેરી (ભૂતકાળ)
૨. ડેનિયલ હિલ્સ (વર્તમાન)
૩. સિડની બ્રેનર અને રોબર્ટ વોટરસન (ભવિષ્ય)

**(૩) ઇ–ઔષધિ પોર્ટલ :**
- આયુષ રાજ્ય મંત્રી શ્રીપદ યેસો નાઇકે નવી દિલ્લી ખાતેથી આયુર્વેદ, સિદ્ધ, યુનાની અને હોમિયોપેથી ઔષધિઓના ઓનલાઇન લાયસેન્સિંગ સિસ્ટમ માટે ઇ–ઔષધિ પોર્ટલની શરૂઆત કરી.
- ઇ–ડ્રગ પોર્ટલ લાઇસેંસર અધિકારીઓ, ઉત્પાદકો અને ગ્રાહકોની મદદ માટે બનાવવામાં આવ્યું છે.
- આ સાથે આ પોર્ટલ નકલી દવાઓ વિશે માહિતી આપશે.

**આયુષ મંત્રાલય :**
- આયુષ મંત્રાલય આયુષના ડૉક્ટરો, દવા ઉત્પાદકો અને આયુષના ગ્રાહકોની સમસ્યાઓના ઉકેલ માટે કામ કરી રહ્યું છે.
- આયુષ મંત્રાલયની સ્થાપના ૯ નવેમ્બર, ૨૦૧૪ ના રોજ કરવામાં આવી હતી.
- અગાઉ, આયુષ મંત્રાલયને ભારતીય ચિકિત્સા અને હોમિયોપેથી વિભાગ તરીકે કાર્ય કરતું હતું.
- ભારતીય ચિકિત્સા અને હોમિયોપેથી વિભાગની સ્થાપના માર્ચ ૧૯૯૫ થઇ હતી.

પ્રશ્નો :
૧ અટલ બિહારી વાજપાઇના ફોટાનું અનાવરણ કોના હસ્તક થયું ?
- શ્રી રામનાથ કોવિંદ
૨ રાષ્ટ્રીય સુશાસન દિવસ ક્યારે મનાવાય છે ?
- ૨૫ ડિસેમ્બર
૩ ભારતના ઇતિહાસકાર સંજય સુબ્રમણ્યમને ઇઝરાયલના કયા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા ?
- ડેન ડેવિડ
૪ ઇ–ઔષધિ પોર્ટલ કોના દ્વારા લોન્ચ કરવામાં આવ્યું ?
- શ્રી પદ પેસો નાઇકે
૫ આયુષ મંત્રાલયની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી ?
- ૯ નવેમ્બર–૨૦૧૪

## 15.February 2019

**(૧) જમ્મુ–કાશ્મીરના પુલવામાં સૌથી મોટો આતંકી હુમલો :**
- જમ્મુ–કાશ્મીરના પુલવામાં જિલ્લામાં ૧૪ ફેબ્રુઆરી–૨૦૧૯ના રોજ સુરક્ષાદળ પર ૩૦ વર્ષમાં સૌથી મોટો આતંકી હુમલો થયો હતો.
- તેમાં એક બસમાં સવાર સીઆરપીએફના ૪૨ તથા અન્ય બસના બે જવાન સાથે કુલ ૪૪ જવાન શહીદ થયા છે.
- શ્રીનગર – જમ્મુ હાઇવે પર લેથપોરામાં એક આતંકીએ ૩૫૦ કિલો વિસ્ફોટકોથી ભરેલી એસયુવીથી સીઆરપીએફના કાફલાને નિશાન બનાવ્યો હતો.

- ૭૮ વાહનોના કાફલામાં સીઆરપીએફના ૨૫૦૦ જવાન હતા.
- આ હુમલાની જવાબદારી આતંકવાદી સંગઠન જૈશ–એ–મોહમ્મદ દ્વારા સ્વીકારવામાં આવી છે.

**(૨) અમદાવાદને ડિજિટલ પેમેન્ટ ઇનોવેટર એવોર્ડ :**

- ભારત સરકારના સ્માર્ટ સિટી મિશન અંતર્ગત ડિજિટલ ઇન્ડિયા હેઠળ ૧૦૦ સ્માર્ટ સીટીઝ ૧૦૦ દિવસની ચેલેન્જનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ અંતર્ગત સ્માર્ટ સિટી ડિજિટલ પેમેન્ટ એવોર્ડ ૨૦૧૮ની પોપ્યુલેશનની કેટેગરીમાં અમદાવાદ ડેવલપમેન્ટ લિ. ને મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ, ભારત સરકાર દ્વારા બેસ્ટ ડિજિટલ પેમેન્ટ ઇનોવેટર તરીકે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.
- મ્યુનિ. કોર્પોરેશન અને સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિ. દ્વારા નાગરિકો માટે મ્યુનિ. ની વેબસાઇટ પરથી નેટ બેન્કિંગ, ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ વગેરેથી પેમેન્ટ કરવાની સુવિધા જનમિત્ર કાર્ડ અને એએમસી સેવા મોબાઇલ એપ્લિકેશન વડે પેમેન્ટની ચૂકવણીની સુવિધા ઉભી કરવામાં આવી છે.

**(૩) તોપચી અભ્યાસ –૨૦૧૯**

- ભારતીય સેના દ્વારા પોતાની શસ્ત્ર ક્ષમતાના પ્રદર્શન માટે 'તોપચી અભ્યાસ' કર્યો.
- આ અભ્યાસમાં થળ સેના દ્વારા અલ્ટ્રા લાઇટ્ટ હોવીત્ઝર તોપ અને સ્વાથિ રડારને પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.
- આ અભ્યાસનું આયોજન નાસિક નજીક દેઓલાલી કેમ્પમાં કરવામાં આવ્યું.

**(૩) અશ્વિન લોહાનીને એર ઇન્ડિયાના નવા ચેરમેન :**

- રેલવે બોર્ડના પૂર્વ ચેરમેન અશ્વિન લોહાનીને એર ઇન્ડિયાના નવા ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવ્યા.
- તેઓએ પ્રદીપ કુમાર ખરોલાનું સ્થાન લીધું છે.
- થોડા સમય અગાઉ પ્રદીપકુમાર ખુરાલાને નાગરિક ઉડ્ડયન મંત્રાલયમાં સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.
- પ્રદીપ કુમાર ખરોલા ૧૯૮૫ની બેચં કર્ણાટક કેડરના આઇએએસ અધિકારી છે.

**એર ઇન્ડિયા :**

- એર ઇન્ડિયાની સ્થાપના ૧૫ ઓક્ટોબર, ૧૯૩૨ના રોજ ટાટા એરલાઇન્સ તરીકે કરવામાં આવી હતી.
- બીજા વિશ્વયુદ્ધ પછી, તે જાહેર કંપની બની., ભારત સરકારે ૧૯૫૩માં એર કોર્પોરેશન એક્ટ પસાર કર્યો અને ટાટા એરલાઇન્સમાં મોટો હિસ્સો ખરીદ્યો.
- તેનું નામ એર ઇન્ડિયા ઇન્ટરનેશનલ લિમિટેડ રાખવામાં આવ્યું.

પ્રશ્નો :

૧ તાજેતરમાં જમ્મુ–કાશ્મીરના કયા જિલ્લામાં સૌથી મોટો આતંકી હુમલો થયો ?

– પુલવામાં

૨ તાજેતરમાં ગુજરાતના કયા શહેરને પેમેન્ટ ઇનોવેટર એવોર્ડ એનાયત થયો ?

– અમદાવાદ

૩ તોપચી અભ્યાસ –૨૦૧૯નું આયોજન કયાં થયું હતું ?

– નાસિક નજીક દેઓલાલી કેમ્પ

૪ એર ઇન્ડિયાના નવા ચેરમેનનું નામ જણાવો ?

– અશ્વિન લોહાની

૫ એર ઇન્ડિયાની સ્થાપના ક્યારે થઇ હતી ?

– ૧૫ ઓક્ટોબર – ૧૯૩૨

## 16.February 2019

**(૧) ગોધરાકાંડ–સાબરમતી એક્સપ્રેસના પર મૃતકોને ૫ લાખનું વળતર :**

- રાજ્યમાં વર્ષ ૨૦૦૨માં ગોધરા રેલવે સ્ટેશન ખાતે કારસેવકો જે ડબામાં મુસાફરી કરતા હતા તે ડબાને આગ લગાડવામાં આવતા મૃત્યુ પામનાર પર લોકોની ઓળખી શકાયા હતા.
- આ ઘટનામાં પર મૃતકોના વારસદારોને રૂા. પાંચ લાખની સહાય આપવાની હાઇકોર્ટે ગુજરાત સરકારને તાકિદ કરતા રાજ્ય સરકારે રૂા. પાંચ લાખની સહાય આપવાનો નિર્ણય લીધો છે.
- જેના પગલે ગુજરાત સરકારે ૨૬૦ લાખની રકમ મુખ્યમંત્રી રાહત ફંડમાંથી સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરિટી હસ્તક મુકી છે.
- ગુજરાત હાઇકોર્ટે દ્વારા ૯ ઓક્ટોબર ૨૦૧૭ના ચુકાદાથી મૃત્યુ પામેલાના વારસદારોને તથા ઇજાગ્રસ્તોને સહાય ચૂકવવાનો આદેશ કર્યો હતો.

**(૨) ઇન્ડિયન એરફોર્સને પ્રથમ મહિલા ફ્લાઇટ એન્જિનિયર મળી :**

- ફ્લાઇટ લેફ્ટનન્ટ હિના જૈસવાલ ઇન્ડિયન એરફોર્સના પ્રથમ મહિલા ફ્લાઇટ એન્જિનિયર બની.
- આ પદ અત્યાર સુધી માત્ર પુરૂષો પાસે જ હતું.
- પંજાબ યુનિવર્સિટીમાંથી એન્જિનિયરિંગ ગ્રેજ્યુએટ થયેલા હિના જાન્યુઆરી ૨૦૧૫માં એન્જિનિયરિંગ બ્રાન્ચમાં કમિશન્ડ થયા હતા.
- તેઓ ઓપરેશનલ હેલિકોપ્ટર યુનિટમાં સેવા આપશે.

**(૩) પાકિસ્તાન પાસેથી મોસ્ટ ફેવર્ડ નેશનનો દરજ્જો રદ :**

- ભારત સરકાર દ્વારા પુલવામાં થયેલ આતંકી હુમલાના વિરોધમાં પાકિસ્તાન પાસેથી મોસ્ટ ફેવર્ડ નેશનનો દરજ્જો પાછો લેવાની ઘોષણા કરવામાં આવી.
- પુલવામાં થયેલ હુમલા અંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં સુરક્ષા મુદ્દે કેબિનેટ સમિતિની બેઠક યોજવામાં આવી હતી.
- ભારતે વર્ષ ૧૯૯૬માં પાકિસ્તાનને મોસ્ટ ફેવર્ડ નેશનનો દરજ્જો આપ્યો.

**(૪) 'વંદે ભારત એક્સપ્રેસ' ટ્રેનને લીલી ઝંડી :**

Vivekanand Academy Gandhinagar

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ નવી દિલ્હી રેલવે સ્ટેશનથી દેશની સૌથી ઝડપી ટ્રેન 'વંદે ભારત એક્સપ્રેસ' ટ્રેનને લીલી ઝંડી આપી.
- ટ્રેન ૧૮ નામથી જાણીતી આ ટ્રેન ભારતની પ્રથમ સેમી હાઇસ્પીડ ટ્રેન છે.
- આ ટ્રેન ૧૬૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ચાલી શકે છે.
- આ ટ્રેન દિલ્લીથી વારાણસી વચ્ચે ચાલશે.
- આ ટ્રેનનું નિર્માણ 'મેક ઇન ઇન્ડિયા' અંતર્ગત ચેન્નાઇ ખાતે આવેલ ઇંટિગ્રલ કોચ ફેક્ટરી ખાતે કરવામાં આવ્યું છે.
- આ ટ્રેનના નિર્માણમાં ૧૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે.
- ટ્રેન -૧૮ ભારતની પ્રથમ એન્જિન રહિત ટ્રેન છે.
- આ ટ્રેન ૩૦ વર્ષ જુની શતાબ્દી એક્સપ્રેસનું સ્થાન લેશે.
- વર્ષ ૨૦૧૯- ૨૦ માં આ પ્રકારની ૫ અન્ય ટ્રેનનું નિર્માણ કરવામાં આવશે.

**(૫) સુશીલ ચંદ્ર- ચુંટણી કમિશનર :**

- સુશીલ ચંદ્રને ચુંટણી કમિશનર નિયુક્ત કરવામાં આવ્યા.
- તેઓ અગાઉ સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સેશનના ચીફ હતા.
- સુશીલ ચંદ્ર ઇન્ડિયન રેવન્યુ સર્વિસની બેચ ૧૯૮૦ના અધિકારી છે.
- ચુંટણી કમિશનમાં મુખ્ય ચુંટણી કમિશનર અને બે ચુંટણી કમિશનરના હોદ્દા હોય છે.
- હાલના મુખ્ય ચુંટણી કમિશનર સુનિલ અરોરા છે.

પ્રશ્નો :

૧ ગોધરા કાંડા કયા વર્ષમાં થયો હતો ?
- ૨૦૦૨

૨ ઇન્ડિયન એરફોર્સનાં પ્રથમ મહિલા ફ્લાઇટ એન્જિનિયરનું નામ જણાવો ?
- હિના જૈસવાલ

૩ ભારતે કયા વર્ષમાં પાકિસ્તાનને મોસ્ટ ફેવર્ડ નેશનનો દરજ્જો આપ્યો હતો ?
- ૧૯૯૬

૪ 'વંદે ભારત એક્સપ્રેસ' ટ્રેન કયાં બે સ્થળો વચ્ચે છોડશે ?
- દિલ્હી થી વારાણસી

૫ તાજેતરમાં કોને ચુંટણી કમિશનર નિયુક્ત કરવમાં આવ્યા છે ?
- સુશીલ ચંદ્ર

૬ હાલના મુખ્ય ચૂંટણી કમિશનર જણાવો ?
- સુનિલ અરોરા

## 17.February 2019

**(૧) પ્રમોદચંદ્ર મોદી- કેન્દ્રીય પ્રત્યક્ષકર બોર્ડ ચેરમેન :**

- પ્રમોદચંદ્ર મોદીને કેન્દ્રીય પ્રત્યક્ષકર બોર્ડના ચેરમેન બનાવવામાં આવ્યા.
- તેઓએ સુશીલ ચંદ્રનું સ્થાન લીધું.
- પ્રમોદચંદ્ર મોદી ભારતીય રાજસ્વ સેવાના ૧૯૮૨ બેચના અધિકારી છે.
- તેઓ અગાઉ કેન્દ્રિય પ્રત્યક્ષકર બોર્ડના સભ્ય તરીકે સેવા આપતા હતા.
- કેન્દ્રીય પ્રત્યક્ષકર બોર્ડ આયકર વિભાગની નીતિઓ બનાવતી દેશની સર્વોચ્ચ સંસ્થા છે.
- આ સંસ્થા આયકર વિભાગ અને કેન્દ્રિય નાણાં મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.
- આ સંસ્થાની સ્થાપના કેન્દ્રિય રાજસ્વ બોર્ડ અધિનિયમ ૧૯૬૩ અંતર્ગત કરવામાં આવી છે.

**(૨) સંસ્કૃત – હિમાચલ પ્રદેશની બીજી સત્તાવાર ભાષા :**

- હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી જયરામ ઠાકુરએ રાજ્યની વિધાનસભામાં હિમાચલ પ્રદેશ રાજભાષા (સુધારો) બિલ-૨૦૧૯ રજૂ કર્યું.
- આ બિલ અંતર્ગત સંસ્કૃત ભાષાને રાજ્યની બીજા ક્રમની સત્તાવાર ભાષા બનાવવા અંગે ઘોષણા કરવામાં આવી.
- હિન્દી હિમાચલ પ્રદેશની પ્રથમ સત્તાવાર ભાષા છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ ૩૪૫ની ૮મી અનુસૂચિમાં સામેલ ૨૨ ભાષાઓ પૈકી કોઇ પણ ભાષાને રાજ્ય પોતાની સત્તાવાર ભાષા જાહેર કરી શકે છે.
- હિમાચલ પ્રદેશ દેશનું વિસ્તારની દ્રષ્ટિએ ૧૮મુ રાજ્ય છે. જ્યારે વસ્તીની દ્રષ્ટિએ ૨૧ મુ રાજ્ય છે.
- હિમાચલ પ્રદેશની રાજધાની સિમલા છે અને ધર્મશાલા શિયાળા દરમ્યાનની રાજધાની છે.
- હિમાચલ પ્રદેશના રાજ્યપાલ આચાર્ય દેવ વ્રત છે.

**(૩) વિશ્વ સતત વિકાસ સંમેલન – ૨૦૧૯**

- તાજેતરમાં નવી દિલ્હી ખાતે વિશ્વ સતત વિકાસ સંમેલન ૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું.
- આ સંમેલનનું ઉદ્દઘાટન ઉપરાષ્ટ્રપતિ શ્રી વેંકૈયા નાયડુ દ્વારા કરવામાં આવ્યું.
- સંમેલનનું આયોજન ઉર્જા અને સંસાધન સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું.
- સંમેલનનો ઉદ્દેશ વિકાસશીલ દેશોના વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરવાનો છે.

**(૪) FIH પ્લેયર ઓફ ધ યર એવોર્ડ્સ :**

- તાજેતરમાં આંતરરાષ્ટ્રીય હોકી સંઘ દ્વારા પ્લેયર ઓફ ધ યર એવોર્ડની ઘોષણા કરી.
- આ એવોર્ડ આંતરરાષ્ટ્રીય હોકીમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનાર મહિલા અને પુરૂષ ખેલાડીને આપવામાં આવે છે.
- FIH ઓફ ધ યર (પુરૂષ) એવોર્ડ બેલ્જિયમના આર્થર વન ડોરેને જીત્યો છે.
- FIH ઓફ ધ યર (મહિલા) એવોર્ડ નેધરલેન્ડના ઇવા ડી ગોઇડએ જીત્યો છે.

Vivekanand Academy Gandhinagar

- આંતરરાષ્ટ્રીય પ્લેયર ઓફ ધ યર એવોર્ડની શરૂઆત ૧ વર્ષ ૧૯૯૮માં થઇ હતી.
- આ એવોર્ડ દર વર્ષે આંતરરાષ્ટ્રીય હોકી સંઘ દ્વારા આપવામાં આવે છે.
- આંતરરાષ્ટ્રીય હોકી સંઘની સ્થાપના ૧૯૨૪માં થઇ હતી હાલ ૧૩૭ દેશો તેના સભ્ય છે.
- આંતરરાષ્ટ્રીય હોકી સંઘનું મુખ્યમથક સ્વિત્ઝરલેન્ડ ખાતે આવેલ છે.

**(૫) સાઇના સતત બીજીવાર નેશનલ ચેમ્પિયન બની :**

- સાઇના નેહવાલ સતત બીજીવાર નેશનલ બેડમિન્ટન ચેમ્પિયન બની છે.
- તેણે આ ટાઇટલ ફાઇનલમાં પીવી સિંધુને હરાવી જીત્યું છે.
- પુરૂષ સિંગલ્સમાં સૌરભ વર્મા ફાઇનલમાં લક્ષ્ય સેનને હરાવી બીજીવાર જીત્યો.
- ૮૩મી નેશનલ બેડમિન્ટન ચેમ્પિયનશીપનું આયોજન ગુવાહાટી ખાતે થયું હતું.
- સૌરભ ૨૦૧૧માં પણ ચેમ્પિયન બન્યો હતો.
- સાઇના નેહવાલ હરિયાણાની વતની છે.

પ્રશ્નો :

(૧) તાજેતરમાં કેન્દ્રીય પ્રત્યક્ષકર બોર્ડના ચેરમેન તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
- પ્રમોદચંદ્ર મોદી

(૨) હિમાચલ પ્રદેશની બીજી સત્તાવાર ભાષા જણાવો ?
- સંસ્કૃત

(૩) ભારતના બંધારણના કયા અનુચ્છેદમાં ૨૨ ભાષાઓ સામેલ છે ?
- A-345

૪ હિમાચલ પ્રદેશના રાજ્યપાલ જણાવો ?
- આચાર્ય દેવવ્રત

૫ વિશ્વ સતત વિકાસ સંમેલન –૨૦૧૯નું ઉદ્દ્ઘાટન કોના દ્વારા કરવામાં આવ્યું હતું ?
- વૈકેય નાયડુ

૬ FIH ઓફ ધ યર (પુરૂષ) એવોર્ડ વિજેતા ?
- આર્થર વત ડોરેને

૭ સાઇના નહેવાલ કયા રાજ્યની વતની છે ?
- હરિયાણા

## 18.February 2019

**(૧) રામકૃષ્ણ પરમહંસ :**

- સ્વામી વિવેકાનંદના ગુરૂ રામકૃષ્ણ પરમહંસનો આજે જન્મ દિવસ
- તેમનો જન્મ ૧૮ ફેબ્રુઆરી ૧૮૩૬ના રોજ બંગાળ પ્રાંતના હુગલી જિલ્લાના કામારપુકુર ખાતે થયો હતો.
- તેમનું નિધન ૧૬ ઓગસ્ટ ૧૮૮૬ના રોજ થયું હતું.હ

**(૨) ટાગોર સાંસ્કૃતિક સદ્ભાવના પુરસ્કાર :**

- તાજેતરમાં રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ દ્વારા વર્ષ ૨૦૧૪, ૨૦૧૫, અને ૨૦૧૬ના ટાગોર સાંસ્કૃતિક સદ્ભાવના પુરસ્કાર એનાયત કર્યા.
- વર્ષ ૨૦૧૪નો ટાગોર પુરસ્કાર રાજકુમાર સિંધાજીત સિંહને એનાયત કરવામાં આવ્યો.
- રાજકુમાર સિંધાજીત સિંહને આ પુરસ્કાર મણિપુરી નૃત્યને પ્રોત્સાહન આપવા બદલ એનાયત કરવામાં આવ્યો છે.
- તેઓ મણિપુર નૃત્યના એક પ્રતિષ્ઠિત કલાકાર અને કોરિયોગ્રાફર છે.
- વર્ષ ૨૦૧૫નો ટાગોર પુરસ્કાર બાંગ્લાદેશના સાંસ્કૃતિક સંગઠન છાયનટને એનાયત થયો છે.
- છાયનટની સ્થાપના વર્ષ ૧૯૬૧માં કરવામાં આવી હતી. આ સંસ્થાએ બંગાળી સંસ્કૃતિ, સંગીત અને સાહિત્યમાં કાર્ય કરે છે.
- વર્ષ ૨૦૧૬નો ટાગોર પુરસ્કાર મુર્તિશિલ્પકાર રામ વનજી સુથારને આપવામાં આવ્યો છે.
- તેઓએ આપેલ સ્ટેચ્યું ઓફ યુનિટીમાં તેમના યોગદાન બદલ આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે.
- તેમનો જન્મ મહારાષ્ટ્રના ધુલિયા જિલ્લાના ગોંડુર ગામમાં થયો હતો.

**ટાગોર સાંસ્કૃતિક સદ્ભાવના પુરસ્કાર :**

- ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૧માં રવિન્દ્રનાથ ટાગોરની ૧૫૦મી જન્મજયંતિ પર આ પુરસ્કારની સ્થાપના કરવામાં આવી.
- આ પુરસ્કાર કોઇપણ દેશના વ્યક્તિ / સંસ્થાને એનાયત કરવામાં આવે છે.
- આ પુરસ્કારમાં ૧ કરોડ ધનરાશી, પ્રમાણપત્ર અને પત્રિકા આપવામાં આવે છે.
- પ્રથમ ટાગોર પુરસ્કાર વર્ષ ૨૦૧૨માં ભારતના મહાન સિતારવાદક પંડિત રવિશંકરને એનાયત કરવામાં આવ્યો હતો.
- વર્ષ ૨૦૧૩માં બીજો ટાગોર પુરસ્કાર જુબીન મહેતાને એનાયત થયો હતો.

**રવિન્દ્રનાથ ટાગોર :**

- રવિન્દ્રનાથ ટાગોરનો જન્મ ૭ મે ૧૮૬૧માં કોલકત્તા ખાતે થયો હતો.
- તેઓ બંગાળી કવિ, નાટ્યકાર, ચિત્રકાર, સાહિત્યકાર અને ફિલ્સોફર હતા.
- તેમણે પોતાની પ્રથમ કવિતા ૧૨ વર્ષની ઉમરે લખી હતી.
- ભારતનું રાષ્ટ્રગીત જન ગણ મનની રચના તેમજ બાંગ્લાદેશનું રાષ્ટ્રગીત અમારા સોનાર બાંગ્લાની રચના તેમણે કરી હતી.
- વર્ષ ૧૯૧૩માં તેમને સાહિત્યમાં નોબલ પારિતોષિત એનાયત થયો હતો.
- તેઓ નોબલ પરિતોષિત મેળવનાર એશિયાના પ્રથમ વ્યક્તિ છે.

**(૩) વાયુશક્તિ –૨૦૧૯ :**

Vivekanand Academy Gandhinagar

- તાજેતરમાં રાજસ્થાન ખાતે પાકિસ્તાન સીમા નજીક 'વાયુ શક્તિ –૨૦૧૯' યુદ્ધ અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું.
- આ અભ્યાસમાં લડાકુ વિમાન સાથે હેલિકોપ્ટરએ ભાગ લીધો હતો.
- આ યુદ્ધ અભ્યાસ દ્વારા વાયુસેનાની શક્તિ પ્રદર્શન કરવામાં આવ્યું.
- અભ્યાસમાં ભારતીય વાયુસેનાએ લાઇટ કમોબત એરક્રાફ્ટ તેજસ, એડ્વાન્સ લાઇટ હેલિકોપ્ટર, આકાશ મિસાઇલ અને અસ્ત્ર મિસાઇલના પરાક્રમને પ્રદ્ર્શિત કરવામાં આવ્યું.
- એડવાન્સ લાઇટ હેલિકોપ્ટર તથા આકાશ મિસાઇલને પ્રથમ વખત કોઇ સૈન્ય અભ્યાસમાં શાસિમ કરવામાં આવ્યા છે.
- વાયુશક્તિ યુદ્ધ અભ્યાસ દ્વારા ભારતીય વાયુસેનાએ દુશ્મન ટેન્ક, રડાર સ્ટેશન, રેલવે યાર્ડ અને સૈન્ય મથકને ધ્વસ્ત કરવાનો અભ્યાસ કર્યો.

**(૪) ઇરાની કપ વિજેતા – વિદર્ભ :**

- આ વર્ષની રણજી ટ્રોફી વિજેતા વિદર્ભ ટીમે શાનદાર પ્રદર્શન સાથે ઇરાની કપ પર જીત મેળવી.
- અગાઉ વર્ષ ૨૦૧૮ના ઇરાની કપમાં પણ વિદર્ભે જીત મેળવી હતી.
- ઇરાની કપનું પુરૂનામ જેડ.આર. ઇરાની કપ છે.
- આ ટુર્નામેન્ટની શરૂઆત ૧૯૫૯–૬૦માં થઇ હતી.

પ્રશ્નો :

૧ સ્વામી વિવેકાનંદના ગુરૂનુ નામ જણાવો ?
- રામકૃષ્ણ પરમહંસ

૨ ૨૦૧૬નો ટાગોર પુરસ્કાર કોને એનાયત થયો ?
- રામ વણજી સુથાર

૩ બાંગ્લાદેશના રાષ્ટ્રગીતના રચયિતા જણાવો ?
- રવિન્દ્રનાથ ટાગોર

૪ 'વાયુ શક્તિ–૨૦૧૯'નું આયોજન ક્યાં સ્થળે થયું હતું ?
- રાજસ્થાન

૫ ૨૦૧૯ની રણજી ટ્રોફી અને ઇરાનીકપ વિજેતા ટીમ જણાવો ?
- વિદર્ભ

## 19.February 2019

**(૧) આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિનો ભારત પ્રવાસ :**

- આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ મેરેસિયો મૈક્રી તાજેતરમાં પોતાના ભારત પ્રવાસ પર આવ્યા.
- આ દરમ્યાન તેમણે નવી દિલ્લી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ સાથે મુલાકાત કરી હતી.
- સંરક્ષણ, પ્રવાસન અને કૃષિ સહિતના વિવિધ ક્ષેત્રોમાં ભારત અને આર્જેન્ટિનાએ ૧૦ એમઓયુ પર હસ્તાક્ષર કર્યા.
- છેલ્લા ૭૦ વર્ષથી ભારત અને આર્જેન્ટિના વચ્ચે પરંપરાગત રીતે સંબંધો છે.

**(૨) શ્રમ પરિતોષિક :**

- ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યના કુલ ૬૪ શ્રમયોગીઓને શ્રમ પરિતોષિકથી સન્માનીત કર્યા.
- આ પરિતોષિક ત્રણ કેટેગરીમાં એનાયત કરવામાં આવ્યા.
  (૧) શ્રમ ભુષણ
  (૨) શ્રમ રત્ન
  (૩) શ્રમવીર
- આ સન્માન ઉધોગ અને કારખાનામાં શ્રેષ્ઠ કામગીરી કારી રાજયના વિકાસમાં યોગદાન આપનાર શ્રેષ્ઠ શ્રમયોગીને આવામાં આવ્યા.
- આ સન્માન રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા એનાયત થયા.

**(૩) ફૂટબોલ રત્ન પુરસ્કાર – સુનિલ છેત્રી :**

- ભારતીય ફૂટબોલ ટીમના કેપ્ટન સુનીલ છેત્રીને પ્રથમ 'ફૂટબોલ રત્ન' થી સન્માનીત કરવામાં આવ્યા.
- તેમને આ સન્માન દિલ્લી ફૂટબોલ સંઘ દ્વારા આપવામાં આવ્યું.
- આ અગાઉ તેમને પદ્મશ્રી પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- સુનીલ છત્રીનો જન્મ તેલંગાણાના સિકંદરબાદમાં થાયો હતો.
- તેમને વર્ષ ૨૦૧૧, ૨૦૧૩, ૨૦૧૩ અને ૨૦૧૭માં AIFF પ્લેયર ઓફ ધ યરનો ખિતાબ એનાયત થયો હતો.

**(૪) ક્રિસ ગેલ – આંતરરાષ્ટ્રીય વન–ડે ક્રિકેટમાંથી નિવૃત્તિ :**

- વેસ્ટ ઇન્ડિયન ના ઓપનર ક્રિસ ગેલે આંતરરાષ્ટ્રીય વન–ડે ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી.
- તે ઇંગ્લેન્ડ ખાતે યોજાનાર આઇસીસી વર્લ્ડકપ ૨૦૧૯ બાદ નિવૃત્તિ લેશે.
- ક્રિસ ગેલે વર્ષ ૧૯૯૯માં કેનેડાના ટોરોન્ટોમાં ભારત સામેની મેચમાં પોતાની વનડે કારકિર્દીની શરૂઆત કરી હતી.
- તેણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ૨૦ વર્ષમાં ૨૮૪ વન ડે રમી છે.
- તેણે આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં ૧૦૩ ટેસ્ટ અને ૫૬ ટી–૨૦ મેચો રમી છે, જેમાં તેણે અનુક્રમે ૭૨૧૪ અને ૧૬૦૭ રન કર્યા હતા.

પ્રશ્નો :

૧ આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિનું નામ જણાવો ?
- મૈરસિયો મૈઠી

૨ તાજેતરમાં ગુજરાતમાં શ્રમ પારિતોષિક કોના દ્વારા શ્રમયોગીઓને એનાયત થયા ?
- શ્રી વિજયભાઇ રૂપાણી

૩ સુનીલ છેત્રીને તાજેતરમાં કયાં પુરસ્કાર એનાયત થયો ?
- ફુટબોલ રત્ન પુરસ્કાર
૪ સુનીલ છેત્રીનો જન્મ કયાં થયો હતો ?
- તેલગણાંના સિકંદરાબાદ
૫ ICC વર્લ્ડકપ-૨૦૧૯નું આયોજન કયાં થશે ?
- ઇંગ્લેન્ડ
૬ તાજેતરમાં કયા વેસ્ટ ઇન્ડિઝના ખેલાડીએ વનડેમાંથી નિવૃત્તિ જાહેર કરી ?
- ક્રિસ ગેલ

## 20.February 2019

**(૧) સાહિત્યિક નામવર સિંહ – નિધન :**
- હિન્દી ભાષાના પ્રસિદ્ધ વિવેચક અને સાહિત્યિક નામવરસિંહનું ૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ દિલ્હીમાં નિધન થયું.
- નામેવર સિંહનો જન્મ ૨૮ જુલાઇ ૧૯૨૬ના રોજ ઉત્તર પ્રદેશના વારણસીમાં થયો હતો.
- જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી (જે એન યુ) માં તેમણે ભારતીય ભાષા કેન્દ્રની સ્થાપનામાં અને હિન્દી સાહિત્યને નવા મુકામે લાવવા મહત્વનું યોગદાન આપ્યું છે.
- નામેવર સિંહે કવિતા સાથે તેમના લેખનની શરૂઆત વર્ષ ૧૯૪૧માં કવિતાથી કરી હતી.
- વર્ષ ૧૯૭૧માં તેમને સાહિત્ય અકાદમી પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા હતા.

**(૨) ડીઝલ એન્જિનમાંથી બનેલ ઇલેક્ટ્રીક એન્જિનનું લોકાર્પણ :**
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના વારાણસી પ્રવાસ દરમ્યાન વારાણસીના રેલવે કારખાનામાંએ તૈયાર કરે ઇલેક્ટ્રિક એન્જિનનું લોકાર્પણ કર્યું.
- આ એન્જિન પહેલા ડીઝલ એન્જિન હતું.
- વિશ્વમાં પ્રથમ વખત કોઇ ડીઝલ લોકોમોટિવ એન્જિનને ઇલેક્ટ્રિક એન્જિનમાં પરિવર્તિત કરાયું છે.

**(૩) ઇમરજન્સી રિસ્પોન્સ સપોર્ટ સિસ્ટમ :**
- ગુજરાત સહિત દેશભરના ૧૬ રાજ્યો તેમજ કેન્દ્રશાસિત પ્રદેશોમાં પોલીસ, એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ સહિતની ઇમરજન્સી સેવાઓ માટે એક જ નંબર ૧૧૨ લોન્ચ કરવામાં આવ્યો.
- નવેમ્બર ૨૦૧૮માં હિમાચલ પ્રદેશ ખાતે આ નંબર પાયલોટ પ્રોજેક્ટ તરીકે સૌપ્રથમવાર લોન્ચ કરવામાં આવ્યો હતો.
- આ નંબર ગુજરાત, આંધ્રપ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, કેરલ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, તેલંગાણા, તામિલનાડુ, પુડુચેરી, લક્ષદ્વીપ, આંદમન, દાદરાનગર હવેલી તેમજ જમ્મુ કશ્મીરમાં લોન્ચ કરવામાં આવશે.
- આ નંબર ડાયલ કરવાથી ઇમરજન્સી રિસ્પોન્સ સપોર્ટ સિસ્ટમ (ERSS) દ્વારા સહાયતા પ્રાપ્ત થશે.

| **વર્તમાન ઇમરજન્સી સેવાઓ** | **નંબર** |
|---|---|
| પોલીસ | ૧૦૦ |
| ફાયર | ૧૦૧ |
| એમ્બ્યુલન્સ | ૧૦૮ |
| અભયમ | ૧૮૧ |
| ડિઝાસ્ટર કંટ્રોલ | ૧૦૭૦,૧૦૭૭ |
| એનિમલ, હેલ્પલાઇન | ૧૯૬૨ |

**(૪) ડૉ. જી.સી. અનુપમા – ભારતીય ખગોળીય સોસાયટી અધ્યક્ષ :**
- ડૉ. જી.સી. અનુપમાને ભારતીય ખગોળીય સોસાયટીના અધ્યક્ષ નિયુક્ત કરવામાં આવ્યા.
- તેઓ ભારતીય ખગોળીય સોસાયટીના પ્રથમ મહિલા અધ્યક્ષ બન્યા.
- તેઓ વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૨ સુધી આ પદ સંભાળશે.
- તેઓ હાલ ભારતીય ખગોળ- ભૌતિક સંસ્થાન (IIA)માં ડિન તેમજ પ્રોફેસર તરીકે કાર્ય કરે છે.
- વર્ષ ૨૦૦૦માં તેમને સર સી.વી. રમન પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- ભારતીય ખગોળીય સોસાયટી ભારતની ખગોળશાસ્રીઓની પ્રમુખ સંસ્થા છે.

**(૫) રાષ્ટ્રીય ફોટોગ્રાફી પુરસ્કાર :**
- તાજેતરમાં કેન્દ્રીય રાજ્ય સૂચનો અને પ્રસારણ મંત્રી કર્નલ રાજ્યવર્ધન સિંહ રાઠોડએ ૭માં રાષ્ટ્રીય ફોટોગ્રાફી પુરસ્કાર એનાયત કર્યા.
- રાષ્ટ્રીય ફોટોગ્રાફી પુરસ્કાર સમારોહનું આયોજન નવી દિલ્લીના રાષ્ટ્રીય મીડિયા કેન્દ્ર ખાતે થયું હતું.
- સમારોહમાં કુલ ૧૩ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા.
- આ પુરસ્કાર સૂચનો અને પ્રસારણ મંત્રાલયના ફોટો ડિવિઝન દ્વારા આપવામાં આવે છે.
- આ પુરસ્કારનો ઉદ્દેશ્ય ફોટોગ્રાફી ટેકનોલોજી અને કળામાં વધારો કરવાનો છે.
- આ પુરસ્કાર બે શ્રેણીમાં આપવામાં આવ્યા હતા.

| શ્રેણી | થીમ |
|---|---|
| પ્રોફેશનલ | મહિલાઓના નેતૃત્વમાં વિકાસ |
| અમેચર | ભારતના મેળા અને ઉત્સવ |

**પ્રશ્નો :**
૧ નરવરસિંહ કયા કાર્યક્ષેત્ર સાથે સંકળાયેલ હતા ?
- હિન્દી ભાષી વિવેચક અને સાહિત્યકાર
૨ નરવરસિંહતો જન્મ કયાં રાજ્યમાં થયો હતો ?
- વારાણસી, ઉત્તરપ્રદેશ
૩ તાજેતરમાં કોણે ડીઝલ એન્જિનમાંથી બનેલ ઇલેક્ટ્રીક એન્જિનનું લોકાર્પણ કર્યું છે ?
- નરેન્દ્ર મોદી
૪ તાજેતરમાં ભારતના ગુજરાત સહિત ૧૬ રાજ્યોએ ઇમરજન્સી માટે કયો એક જ નંબર લોન્ચ કર્યું ?
- ૧૧૨

Vivekanand Academy Gandhinagar

૫ તાજેતરમાં કોને ભારતીય ખગોળીય સોસાયટીના અધ્યક્ષની નિયુક્તિ કરાઇ છે ?
– ડૉ. જી.સી. અનુપમા
૬ ૭માં રાષ્ટ્રીય ફોટોગ્રાફી પુરસ્કારનું આયોજન કયાં થયું હતું ?
– નવી દિલ્હી
૭ કેન્દ્રીય રાજ્ય સુચના અને પ્રસારણ મંત્રીનું નામ જણાવો ?
– રાજ્યવર્ધનસિંહ

**ગુજરાત બજેટ–૨૦૧૯**

**(૧) નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦ માટે રાજ્યનું અંતરીમ બજેટ :**

– ગુજરાત રાજ્યના નાણામંત્રી અને નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ દ્વારા રાજ્ય વિધાનસભામાં નાણાકીય વર્ષ –૨૦૧૯–૨૦ માટે રાજ્યનું અંતરીમ બજેટ રજૂ કર્યું.
– નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦નું આ અંતરીમ બજેટ ૧, ૯૧, ૮૧૭ કરોડનું કદ ધરાવે છે.
– આ બજેટમાં કૃષિ, સામાજિક કલ્યાણ, પાણી પુરવઠો, આદિજાતિ વિકાસ, આરોગ્ય, શિક્ષણ, મહિલા, સશક્તિકરણ, ઉર્જા અને શહેરી વિકાસ જેવા ક્ષેત્રો પર મહત્વપૂર્ણ ધ્યાન આપવામાં આવ્યું છે.

**નાણામંત્રી દ્વારા જાહેર કરવામાં આવેલા બજેટ ૨૦૧૯ના મુખ્ય તથ્યો :**

– આંગણવાડી કાર્યકરનું માસિક મહેનતાણું ૬૩૦૦થી વધારીને ૭૨૦૦ કરવામાં આવ્યું જ્યારે આંગણવાડી સહાયકનું મહેનતાણું ૩૨૦૦ થી વધારીને ૩૬૫૦ કરવામાં આવ્યું.
– ખેડૂતો ગરીબો અને મધ્યમ વર્ગના કુલ ૬.૭૪ લાખ વીજ ગ્રાહકોને વણ ચૂકવાયેલ લેણા માફીનો લાભ આપવા માટે એમેનેસ્ટી યોજના જાહેર કરવામાં આવી.
– બજેટમાં સૂર્યશક્તિ કિસાન યોજના, હેઠળ ૫ થી ૭ વર્ષમાં સમગ્ર ગુજરાતને આવરી લેવામાં આવશે.
– ગિરનાર ખાતે ગિરનાર શિવરાત્રિ કુંભ મેળાનું આયોજન કરવામાં આવશે.
– જૈન યાત્રાળુની સલામતી માટે અમદાવાદથી શંખેશ્વર સુધી ૧૦૩ કિમીની પગદંડી બનાવવામાં આવશે.
– એશિયાઇ સિંહોના સંરક્ષણ માટે પ્રોજેક્ટ લાયન સ્વરૂપે ૯૭.૮૫ કરોડના ખર્ચનું આયોજન કરવામાં આવ્યું.
– અલગ શેત્રુંજી ડિવિઝનની રચના, ડ્રોન સર્વેલન્સ અને સીસીટીવી નેટવર્ક. ગીરમાં અદ્યતન હૉસ્પિટલનું નિર્માણ કરવામાં આવશે.
– નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર ખાતે નેશનલ ટ્રાઇબલ મ્યુઝિયમનું નિર્માણ કરવામાં આવશે.

**(૨) આરોગ્ય, મહિલા સશક્તિકરણ અને પોષણ :**

– 'મા' ના યોજના ગુજરાતના ૬૮ લાખ લાભાર્થી પરિવારોને ૩ લાખ રૂપિયાના બદલે ૫ લાખ રૂપિયા સુધીની સુરક્ષા પુરી પાડવામાં આવશે.
– 'માં વાત્સલ્ય' યોજનાનો લાભ અત્યાર સુધી ૩ લાખ વાર્ષિક આવક ધરાવતા પરિવારોને મળતો હતો જે વધારીને ૪ લાખ કરવામાં આવ્યો.
– રાજ્ય સરકાર દ્વારા વિધવા બહેનોને આપવામાં આવતું પેન્શન ૧૦૦૦ થી વધારીને ૧૨૫૦ કરવામાં આવ્યું.
– અમરેલી, નડિયાદ અને વીસનગર એમ ત્રણ શહેરોમાં ત્રણ નવી મેડિકલ કોલેજનું નિર્માણ થશે. જેના કારણે મેડિકલ સીટ વધશે તથા આરોગ્ય સેવા મળતી થશે.
– ૧૨૦૦ બેડની એશિયાની સૌથી મોટી સિવિલ હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવશે.

**(૩) પાણી પુરવઠો :**

– સૌની યોજનાના બીજા તબક્કામાં જામનગરના રણજીત સાગર ડેમ, ભાવનગરનું શેત્રુંજી ડેમ અને રાજકોટ શહેર માટે ન્યારી–૧માં નર્મદાનું પાણી ઉપલબ્ધ કરાવાશે.
– બનાસકાંઠા માટે રૂા. ૬૨૩ કરોડના ખર્ચે થરાદથી સીપુ ડેમ સુધીની પાઇપલાઇન લગાવવામાં આવશે.
– દક્ષિણ ગુજરાતમાં તાપી– કરજણ લીંક પાઇપલાઇન ઉદ્‌વહન સિંચાઇ યોજનાનું રૂા. ૭૧૫ કરોડના ખર્ચે આયોજન કરવામાં આવ્યું છે. જેનાથી ૭૩ ગામની જમીનને સિંચાઇ મળશે.
– પાનમ હાઇ લેવલ કેનાલ આધારિત રૂા. ૨૧૫ કરોડની યોજના તથા પંચમહાલના પુર્વ પટ્ટી વિસ્તારમાં રૂા.૨૫૦ કરોડની યોજનાઓ શરૂ કરવામાં આવશે.

**કાયદો વ્યવસ્થા :**

– સેફ અને સીક્યોર ગુજરાત પ્રોજેક્ટ હેઠળ ૧૧૭૫ લોકેશન પર ૭૪૬૩ સીસીટીવી કેમેરા લગાડાશે.
– પોલીસ તંત્રને સઘન કરવા માટે પોલીસ દળમાં ડીવાયએસપીથી લઇને જેલ સીપાઇ સુધીની ૯૭૧૩ જગ્યાઓ ભરાશે જેમાં ૫૫૪ જેલ સિપાહીનો પણ સમાવેશ થાય છે.
– આઠ જેલોનું બાંધકામ પ્રગતિમાં છે, જેમાંથી ૨ જેલો ૨૦૧૯–૨૦ સુધીમાં કાર્યરત થઇ જશે.

**(૪) પશુપાલન અને માછીમારી :**

– રાજ્યમાં ગાયોની ગીર અને કાંકરેજ ઓલાદમાં વધારો કરવા તથા પશુપાલનને વધુ નફાકારક બનાવવાના હેતુથી પાટણ ખાતે સેક્સ સિમેન લેબોરેટરીની સ્થાપના કરવામાં આવશે.
– માછીમારી ક્ષેત્રે પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર આગામી સમયમાં ઝીંગા ઉછેર પ્રવૃતિ માટે વધારાની ૫૦૦૦ હેક્ટર જમીન ફાળવવામાં આવશે.
– માછીમારોને વધુ મદદરૂપ થવા ડીઝલ સબસિડીમાં વધારો કરવામાં આવ્યો. જે પ્રતિ લિટર ૧૨ થી વધારીને ૧૫ કરવામાં આવ્યો.
– દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લામાં અંદાજિત ૨૩૦૦૦ માછીમારોને સગવડ પુરી પાડવા નવા મત્સ્ય ઉતરાણ કેન્દ્રનું નિર્માણ કરવામાં આવશે.

- પાકિસ્તાન ખાતે જેલમાં રાખવામાં આવેલ ગુજરાતના માછીમારોના પરિવારને આપવામાં આવતા દૈનિક નિર્વાહ ભથ્થાંમાં બમણો વધારો કરવામાં આવ્યો જે અગાઉ ૧૫૦ હતો હવે ૩૦૦ કરવામાં આવ્યા છે.

**(૫) માળખાકીય સુવિધાઓ :**

- મહાનગરપાલિકા વિસ્તારમાં ૫૩ અને નગરપાલિકા વિસ્તારમાં ૨૧ એમ કુલ ૭૫ ફલાય ઓવર બનશે.
- જેમાં અમદાવાદમાં, ૨૦, સુરતમાં ૧૦ , વડોદરામાં આઠ, રાજકોટમાં આઠ, જામનગરમાં ત્રણ, ભાવનગરમાં ત્રણ, જૂનાગઢમાં બે બનશે. અન્ય શહેરોમાં એક–એક બ્રીજ બનશે.
- મહાનગરપાલિકા, નગરપાલિકાની હદમાં આવરી લેવાયેલા નવા વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓ જેવી કે પાણી, રસ્તા, સ્ટ્રીટ લાઇટ ડ્રેનેજ માટે ૫૦૦ કરોડ રૂપિયાના ભંડોળની ફાળવણી કરાઇ છે.
- મુખ્યમંત્રી શહેરી બસ પરિવહન સુવિધા અંતર્ગત નવી ૭૦૦ ઇલેક્ટ્રીક બસોને મંજૂરી આપવામાં આવી.

કયા સેક્ટરને કેટલી ફાળવણી :

| સેક્ટર | ફાળવણી | રૂપિયા (કરોડમાં) |
|---|---|---|
| કૃષિ, ગ્રામીણ વિકાસ | ૨૧.૫૫% | ૨૪૮૩૨.૨૧ |
| શિક્ષણ, રમતગમત, કળા | ૨૨.૩૬% | ૨૫૭૬૮.૮૭ |
| પાણી, શહેરી વિકાસ | ૧૫.૪૮% | ૧૭૮૪૨.૨૬ |
| ઊર્જા, ઉદ્યોગો, ખનીજ | ૧૨.૯૪% | ૧૪૯૧૧.૨૭ |
| આરોગ્ય–પરિવાર કલ્યાણ | ૮.૫૩% | ૯૮૨૨.૮૨ |
| પરિવહન, ટેકનોલોજી | ૭.૩૨% | ૮૪૩૩.૪૮ |
| સમાજ કલ્યાણ | ૫.૨૩% | ૬૦૨૬.૬૪ |
| અન્ય સામાજિક સેવાઓ | ૫.૨૦% | ૫૯૮૭.૭૭ |
| આર્થિક સેવાઓ | ૧.૩૯% | ૧૬૦૫.૮૭ |

## 21.February 2019

**(૧) વિશ્વ સામાજીક ન્યાય દિવસ – ૨૦ ફેબ્રુઆરી :**

- દર વર્ષે ૨૦ ફેબ્રુઆરીએ વિશ્વભરમાં વિશ્વ સામાજીક ન્યાય દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસ નિર્ધનતા, બેરોજગારી અને પરિત્યાગની સમસ્યાનો સામનો કરવાના ઉદ્દેશ્યથી મનાવવામાં આવ છે.
- આ વર્ષની થીમ 'If You Want Peace & Development, Work for Social Justice' જો તમે શાંતિ ઇચ્છો છો તો સામાજીક ન્યાય માટે કાર્ય કરો' રાખવામાં આવતી હતી.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ૨૬ નવેમ્બર ૨૦૦૭ ના રોજ આ દિવસ મનાવવાની મંજૂરી આપી હતી.
- પ્રથમ વખત વર્ષ ૨૦૦૯માં આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

**(૨) ટ્રાન્સજેન્ડર વેલ્ફેર બોર્ડ :**

- ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં ટ્રાન્સજેન્ડર વેલ્ફેર બોર્ડની સ્થાપના કરવામાં આવી.
- ટ્રાન્સજેન્ડર વેલ્ફેર બોર્ડ ટ્રાન્સજેન્ડર સમુદાયના કલ્યાણ અને ઉન્નતિ માટે વિશેષ યોજના બનાવવાનું કાર્ય કરશે.
- આ બોર્ડના ચેરમેન તરીકે હોદ્દાની રૂએ રાજ્યના સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રી હશે.
- બોર્ડમાં ૧૬ સભ્યો હશે જેમાં ૨ મહિલા ટ્રાન્સજેન્ડર, ૨ પુરૂષ ટ્રાન્સજેન્ડર, ૨ સભ્ય કિન્નર સમુદાયના અને અન્ય સભ્ય સરકારી અધિકારીઓ તેમજ સામાજિક સંગઠનો હશે.
- સુપ્રીમ કોર્ટ દ્વારા વર્ષ ૨૦૧૪માં ટ્રાન્સજેન્ડરને ત્રીજી જાતિ ઘોષિત કરવામાં આવી હતી.
- આ સાથે જ સુપ્રીમ કોર્ટ દ્વારા દરેક રાજ્યને ટ્રાન્સજેન્ડર વેલ્ફેર બોર્ડ રચવા આદેશ આપ્યા હતા.

**(૩) મેરી કોમ – પુમા ઇન્ડિયા બ્રાન્ડ એમ્બેસેડર :**

- ૬ વાર વિશ્વ ચેમ્પિયન એમ.સી. મેરી કોમને તાજેતરમાં પુમા ઇન્ડિયાના બ્રાન્ડ એમ્બેસેડર બનાવવામાં આવ્યા.
- તેમને બે વર્ષ માટે મહિલા ટ્રેનિંગ શ્રેણીના બ્રાન્ડ એમ્બેસેડર રહેશે.
- મેરી કોમનું પુરૂનામ ચુંગનિઝઝંગ મેરી કોમ હંગતે છે.
- તેમનો જન્મ મણિપુરના કન્ગાથેડ ખાતે થયો હતો.
- મેરી કોમ અત્યાર સુધી યોજાયેલ સાતેય વિશ્વ ચેમ્પિયનશીપમાં મેડલ જીતનાર એક માત્ર મુક્કેબાજ છે.
- તેમણે ૬ વખત વિશ્વ બોક્સિંગ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ મેળવ્યો છે.

**(૪) એર ઇન્ડિયા – ૨૦૧૯**

- એશિયાના સૌથી મોટા એર – શો એરો ઇન્ડિયા ૨૦૧૯નો શુભારંભ બેંગલોર ખાતે થયો.
- આ પાંચ દિવસીય ઇવેન્ટમાં એરોસ્પેસ ઉદ્યોગ થતા રક્ષા ઉદ્યોગ થતાં રક્ષા ઉદ્યોગ દ્વારા વ્યાપાર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.
- તેમાં દેશ–વિદેશની ૮૦૦ વિમાન કંપનીઓ ભાગ લઇ રહી છે. તે આગામી એક વર્ષમાં દેશમાં ૨.૮૦ લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરશે.
- આ ઇવેન્ટથી કેન્દ્ર સરકારના 'મેક ઇન ઇન્ડિયા' પ્રોજેક્ટને પ્રોત્સાહન મળશે.
- અમેરિકી કંપની લોકહીડ માર્ટિન ભારતીય એરફોર્સ માટે મલ્ટિ રોલ એફ–૨૧ ફાઇટર જેટ બનાવશે.
- આ જેટ લોકહીડ ભારતમાં મેક ઇન ઇન્ડિયા હેઠળ તાતા એડવાનન્સ્ડ સાથે તૈયાર કરશે.
- તેને ભારતીય વાયુસેનાની જરૂર મુજબ તૈયાર કરાશે. તેની ટેકનોલોજી તથા મારક ક્ષમતા મજબૂત છે. અગાઉ અમેરિકા સિંગલ એન્જિન ફાઇટર એફ–૧૬ આપવાની રજૂઆત કરી ચૂક્યું છે.

**એરો ઇન્ડિયા –૨૦૧૯ દરમ્યાન રક્ષા મંત્રાલય દ્વારા મનાવવાની ઇવેન્ટ :**

- ૨૧ ફેબ્રુઆરી સ્ટાર્ટ અપ ડે

- ૨૨ ફેબ્રુઆરી ટેક્નોલૉજી ડે & વિદ્યાર્થી દિવસ
- ૨૩ ફેબ્રુઆરી વિમેન્સ ડે

**એરો ઇન્ડિયા :**

- એરો ઇન્ડિયા શોનું આયોજન દર બે વર્ષે કરવામાં આવે છે.
- વર્ષ ૧૯૯૬ થી શરૂ થયેલ આ શોના અત્યાર સુધી ૧૧ આયોજન થઇ ચૂક્યા છે.
- એરો ઇન્ડિયા ૨૦૧૯ ની ટેગલાઇન 'The Runway TO a Billion Opportunities' (એક અરબ અવસરોનો રનવે') છે.

**(૫) આઇએસએસએફ વર્લ્ડ કપ :**

- રાઇફલ અને પિસ્ટલનો આઇએસએસએફ વર્લ્ડ કપ ૨૦ ફેબ્રુઆરીથી નવી દિલ્લી ખાતે શરૂ થયો.
- તે આ સીઝનનો પહેલો શૂટિંગ વર્લ્ડ કપ છે.
- ભારતને ૩૩ વર્ષમાં માત્ર ૩ જ વખત આ વર્લ્ડકપનું યજમાન પદ મળ્યું છે. આ પહેલાં ૨૦૧૭માં વર્લ્ડ કપનું આયોજન થયું હતું.
- આ વર્લ્ડ કપમાં ૫૮ દેશોના ૫૦૩ ખેલાડી ભાગ લઇ રહ્યા છે.
- આ વર્લ્ડ કપમાં ૫૦ થી વધારે વર્લ્ડ અને ઓલિમ્પિક ચેમ્પિયન ભાગ લઇ રહ્યા છે.
- વર્લ્ડકપમાં ભારતના ૨૩ સભ્યોની ટીમ પણ ભાગ લઇ રહી છે.
- આ ટુર્નામેન્ટ ૨૮ ફેબ્રુઆરી સુધી આ ટુર્નામેન્ટ યોજાશે.
- પ્રથમ ઓલિમ્પિક વર્ષ ૧૮૯૬માં એથેન્સ ખાતે યોજાયો હતો જેમાં ૭ દેશોના ૩૯ શૂટરે ભાગ લીધો હતો.
- શૂટિંગનું પહેલું ફેડરેશન ૧૯૦૭માં બન્યું.
- ૧૯૩૭માં પહેલીવાર મહિલાઓ માટે ઓપન વર્લ્ડ ચેમ્પિયનશીપ થઇ.
- ૧૯૬૬માં મિક્સ્ડ ઇવેન્ટ શરૂ થઇ. એજ વર્ષે એર રાઇફલ અને ૧૯૭૦માં એર પિસ્તોલનો આમાં સમાવેશ કરાયો.
- ૧૯૮૦માં ઇન્ટરનેશનલ શૂટિંગ સ્પોર્ટ્સ ફેડરેશન (આઇએસએસએફ) થી ૧૦૦ દેશ જોડાયા.
- ૧૯૮૬માં નવા ફોર્મેટ સાથે વર્લ્ડ કપ શરૂ થયો.

પ્રશ્નો :

૧ વિશ્વ સામાજિક ન્યાય દિવસ ક્યારે મનાવાય છે ?
- ૨૦ ફેબ્રુઆરી

૨ તાજેતરમાં કઇ સરકારે ટ્રાન્સજેન્ડર વેલ્ફેર બોર્ડની સ્થાપના કરી ?
- ગુજરાત સરકારે

૩ પુમા ઇન્ડિયાના નવા બ્રાન્ડ એમ્બેસેડર જણાવો ?
- મેરી કોમ

૪ મેરી કોમે કેટલી વખત વિશ્વ બોક્સિંગદ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ મેળવ્યો છે ?
- ૬ વખત

૫ એશિયાના સૌથી મોટા એર-શો એરો ઇન્ડિયા – ૨૦૧૯નો શુભારંભ ક્યાં થયો હતો ?
- બેંગ્લોર

૬ એરો ઇન્ડિયા શોનું આયોજન દર કેટલા વર્ષે કરવામાં આવે છે ?
- ૨ (બે)

૭ ISSF વર્લ્ડ કપ-૨૦૧૯નું આયોજન ક્યાં થયું હતું ?
- નવી દિલ્લી

૮ મેરી કોમ ક્યાં રાજ્યના વતની છે ?
- મણિપુર

## 22.February 2019

**(૧) વિશ્વ માતૃભાષા દિવસ – ૨૧ ફેબ્રુઆરી**

- દર વર્ષે ૨૧ ફેબ્રુઆરીએ વિશ્વભરમાં વિશ્વ માતૃભાષા દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસ ભાષા અને વિજ્ઞાન અંગે જાગૃતતા ફેલાવવાના ઉદ્દેશ્યથી મનાવવામાં આવે છે.
- વર્ષ ૧૯૯૯માં યુનેસ્કો દ્વારા આ દિવસ ઉજવાવવા અંગે જાહેરાત કરવામાં આવી હતી.
- ૨૧ ફેબ્રુઆરી ૨૦૦૦માં પ્રથમ વખત આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્ષ ૨૦૧૯ ની થીમ : "Indigenous languages matter for development, peace building & reconciliation

**(૨) BCCIના લોકાયુક્ત તરીકે જસ્ટિસ જૈનની નિમણૂક :**

- સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ ડી.કે. જૈનની નિમણૂક BCCIના લોકાયુક્ત તરીકે કરવામાં આવી.
- જસ્ટિસ એસ.એ. બોબડે અને જસ્ટિસ અભય સપરેની બેન્ચે તેમની નિમણૂક અંગે ચૂકાદો આપ્યો હતો.
- જજ ડી.કે. જૈન BCCI અને રાજ્ય ક્રિકેટ બોર્ડના વિવાદોને નાબૂદ કરવાનું કાર્ય કરશે.
- BCCI ની સ્થાપના વર્ષ ૧૯૨૮માં કરવામાં આવી હતી.
- ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) નું મુખ્યાલય મુંબઇ ખાતે આવેલ છે.

**(૩) ઓપરેશન ડિજિટલ બોર્ડ :**

- વિદ્યાર્થીઓના અભ્યાસને ડિજિટલ બનાવવા માટે કેન્દ્રિય માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા તાજેતરમાં ઓપરેશન ડિજિટલ બોર્ડ લોન્ચ કર્યું.
- આ મિશન વર્ષ ૧૯૮૭માં લોન્ચ કરવામાં આવેલ ઓપરેશન બ્લેકબોર્ડનું સ્થાન લેશે.
- ઓપરેશન ડિજિટલ બોર્ડ ચાલુ શૈક્ષણિક વર્ષથી કાર્યરત થશે.
- આ કાર્યક્રમ અંતર્ગત વર્ષ ૨૦૨૨ સુધીમાં શાળાઓમાં ધોરણ ૯,૧૦,૧૧ અને ૧૨માં ૭ લાખ ક્લાસ રૂમમાં અને કોલેજોમાં ૨ લાખ નવા ડિજિટલ બોર્ડ લગાવવામાં આવશે.

**(૪) સાઉદી અરબ આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનનો ૭૩મો સભ્ય દેશ :**

- સાઉદી અરબ આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન માટેના રૂપરેખા કરાર પર હસ્તાક્ષર કરનાર ૭૩મો દેશ બન્યો.
- સાઉદી અરબ ૭ મો ઓપેક દેશ છે જેણે આ કરાર પર હસ્તાક્ષર કર્યો.
- કરાર પર હસ્તાક્ષર વડાપ્રધાન અને સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમદ બિન સલમાન વચ્ચે થયેલ દ્વિપક્ષીય બેઠક દરમ્યાન કરવામાં આવ્યા.

**આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન :**

- આ ગઠબંધનની શરૂઆત ભારત દ્વારા ભવિષ્યમાં ઉર્જાની જરૂરતો ઉર્જાની જરૂરતો પૂરા કરવાના ઉદ્દેશથી કરવામાં આવી હતી.
- તેની શરૂઆત સંયુક્ત રીતે ૩૦ નવેમ્બર, ૨૦૧૫ના રોજ પેરિસમાં યુએન ક્લાયમેન્ટ કોન્ફરન્સ દરમિયાન ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના તત્કાલિન રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવી હતી.
- આ આંતરારાષ્ટ્રીય સૌર ગઠબંધનને સફળ બનાવવા માટે ફ્રાન્સ ૨૦૨૨ સુધી સુધી રૂા. ૫૬૦૦ કરોડના ભંડોળનું ભંડોળ આપશે, જે સભ્ય દેશોમાં સૌર પ્રોજેક્ટ્સ શરૂ કરવામાં મદદ કરશે.
- આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન વિશ્વનું પ્રથમ આંતરરાષ્ટ્રીય સંગઠન છે જેનું મુખ્યાલય ભારતમાં આવેલ છે.

**(૫) રાજશ્રી પ્રોડક્શનના આર.કે. બડજાત્યાનું નિધન :**

- ફિલ્મ પ્રોડ્યુસર રાજકુમાર બડજાત્યાનું ૨૧ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ નિધન થયું છે.
- રાજશ્રી પ્રોડક્શન હેઠળ તેમણે ૨૦ ફિલ્મોનું નિર્માણ કર્યું હતું.
- તેમાં હમ આપકે હૈ કૌન, પિયા કા ઘર, મૈને પ્યાર કિયા, પ્રેમ રતન ધન પાયો, વિવાહ, મૈ પ્રેમ કી દિવાની હું નો સમાવેશ થાય છે.

પ્રશ્નો :

૧ વિશ્વ માતૃદિવસ ક્યારે મનાવવામાં આવે છે ?
- ૨૧ ફેબ્રુઆરી

૨ બીસીસીઆઇના લોકાયુક્ત તરીકે કોની નિમણૂક થઇ ?
- ડી.કે. જૈન

૩ તાજેતરમાં આંતરરાષ્ટ્રીય સૌર સંગઠનમાં સામેલ થનાર દેશનું નામ જણાવો ?
- સાઉદી આરબ

૪ આંતરરાષ્ટ્રીય સૌર સંગઠનનું મુખ્યાલય કયાં આવેલ છે ?
- ભારત

## 23.February 2019

**(૧) પીએમ મોદીનો દક્ષિણ કોરિયા પ્રવાસ :**

- પીએમ મોદી બે દિવસના પ્રવાસે દક્ષિણ કોરિયાની રાજધાની સિયોલ ૫ વર્ષમાં બીજીવાર દ.કોરિયા પહોંચ્યા હતા.
- ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલાં પીએમ તરીકે આ તેમનો અંતિમ સત્તાવાર વિદેશ પ્રવાસ હતો.
- મોદીનો પીએમ બન્યા બાદ ૫૫ મહિનામાં ૯૩મો વિદેશી પ્રવાસ છે.
- પીએમ મોદી સૌથી પહેલા સિયોલમાં ભારતીય સમુદાયના લોકોને મળ્યા. તેના પછી તેમણે ગાંધીજીની પ્રતિમાનું અનાવરણ કર્યું.
- અહીં તેમણે દ. કોરિયાના રાષ્ટ્રપતિ મૂન-જેઇ-ઇન સાથે વિશેષ રણનીતિક ભાગીદારીને લઇને મંત્રણા કરી.
- મોદીને સિયોલ શાંતિ પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- આ પુરસ્કાર તેમને વર્ષ ૨૦૧૮માં એનાયત કરવામાં આવ્યો હતો.
- પુરસ્કારમાં મળેલ ૨ લાખ ડોલરની રકમ વડાપ્રધાને નમામિ ગંગે કાર્યક્રમ અંતર્ગત સમર્પિત કરી છે.
- સિયોલ શાંતિ પુરસ્કાર સિયોલ શાંતિ પુરસ્કાર ફાઉન્ડેશન દ્વારા દર બે વર્ષે આપવામાં આવે છે.
- ૧૯૮૮માં સિયોલ યોજાયેલ ઓલિમ્પિક બાદ આ પુરસ્કારની શરૂઆત કરાઇ હતી.
- મોદી આ સન્માન મેળવનાર ૧૪ મી વ્યક્તિ છે. તેના હેઠળ એક પ્રશસ્તિપત્ર અને ૨ લાખ અમેરિકી ડોલરનો પુરસ્કાર અપાય છે.
- દક્ષિણ કોરિયાના આ રાષ્ટ્રપતિ પુરસ્કાર પ્રાપ્ત કરનાર તેઓ બીજા ભારતીય છે.
- આ પહેલા, ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહને ૨૦૧૨માં આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.
- વડાપ્રધાન મોદીને તેમની ચોક્કસ આર્થિક નીતિઓ, માનવ વિકાસ અને ભારતમાં લોકશાહી મજબૂત કરવા તરફના તેમના યોગદાન માટે આ પુરસ્કાર આપવામાં આવ્યો.
- ભારત અને દક્ષિણ કોરિયાએ ૭ કરાર પર હસ્તાક્ષર કર્યા. તેમાં ઇન્ફ્રસ્ટ્રક્ચર, મીડિયા, સ્ટાર્ટઅપ્સ અને આંતરરાષ્ટ્રીય ગુના સાથે લડાઇ જેવા મહત્વપૂર્ણ ક્ષેત્ર સામેલ છે.
- બંને દેશ રાજકુમારી સૂરીરત્ના (રાની હૂર હ્વાંગ ઓક) ની યાદમાં એક ટપાલ ટિકિટ પણ જારી કરશે.
- સુરીરત્ના અયોધ્યાનાં રાજકુમારી હતાં. તેમનાં લગ્ન દ.કોરિયાના તત્કાલીન રાજા કિમ સૂરો સાથે થયાં હતાં.

**(૨) અર્ધસૈનિક દળ માટે કશ્મીરથી નિશુલ્ક હવાઇ યાત્રા :**

- કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં દિલ્લી-શ્રીનગર, શ્રીનગર- દિલ્લી, જમ્મુ- શ્રીનગર દરેક સેક્ટરમાં અર્ધલશ્કરી દળ માટે નિશુલ્ક હવાઇ યાત્રાનો આદેશ જાહેર કરવામાં આવ્યો.
- હવે CRPF ના સૈનિકો ફરજ દરમ્યાન સ્થળાંતર, રજાઓ પર જવા માટે નિશુલ્ક હવાઇ સેવાનો લાભ મેળવી શકશે.
- આ અગાઉ આ સુવિધા ઇન્સપેક્ટર રેન્ક તથા તેથી ઉપરના અધિકારીઓને મળતી હતી.

**(૩) ભારતના ભાગનું પાણી પાકિસ્તાનમાં જતું અટકાવવાની જાહેરાત :**

- કેન્દ્રિય જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા પુનર્જીવન મંત્રી દ્વારા ભારતના ભાગનું પાણી પાકિસ્તાનમાં જતું અટકાવવાની જાહેરાત કરવામાં આવી.
- ભારત રાવી, વ્યાસ, અને સતલુજ નદીનું પોતાના હિસ્સાનું પાણી પોતે જ ઉપયોગ કરશે.
- અગાઉ આ પાણી પાકિસ્તાનમાં જતું હતું.
- ભારત અને પાકિસ્તાન વચ્ચે વર્ષ ૧૯૬૦માં સિંધુ જળ કરાર કરવામાં આવ્યો હતો.
- ભારતના તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરૂ અને પાકિસ્તાનના રાષ્ટ્રપતિ અયુબ ખાન દ્વારા આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- કરાર અંતર્ગત સિંધુ નદીના પાણીના કુલ જથ્થા માથી ૨૦% ભારતના હિસ્સામાં હતું.

પ્રશ્નો :

(૧) દક્ષિણ કોરિયાની રાજધાની જણાવો ?
- સિયોલ

૨ દ.કોરિયાના રાષ્ટ્રપતિનું નામ જણાવો ?
- મુન–જેઇ–ઇન

૩ દક્ષિણ કોરિયામાં મોદીને કયા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યો હતો ?
- સિયોલ શાંતિ પુરસ્કાર

૪ મનમોહનસિંહને કયા વર્ષમાં સિયોલ શાંતિ પુરસ્કાર એનાયત થયો હતો ?
- ૨૦૧૨માં

૫ સિંધુ જળ કરાર અંતર્ગત સિંધુ નદીના પાણીના કુલ જથ્થામાંથી કેટલા ટકા પાણી ભારતના હિસ્સામાં હતું ?
- ૨૦ ટકા

## 24.February 2019

**(૧) પી.વી. સિંધુ 'તેજસ' એરક્રાફટમાં ઉડાન ભરનારી પ્રથમ મહિલા કો–પાઇલટ :**

- ભારતીય બેડમિન્ટન સ્ટાર પી.વી. સિંધુએ બેંગલુરુમાં યેલાહાન્કા એર બેઝ ખાતે યોજાયેલ 'એરો ઇન્ડિયા ૨૦૧૯' એર શોમાં ભારતીય હવાઇ દળના લાઇટ કોમ્બેટ એરક્રાફ્ટ 'તેજસ' માં ઉડાન ભરી હતી.
- પી.વી. સિંધુ આ સાથે 'તેજસ' એરક્રાફટમાં ઉડાન ભરનારી સૌથી ઓછી વયની વ્યક્તિ તથા પ્રથમ મહિલા કો–પાઇલટ બની ગઇ છે.
- પી.વી. સિંધુનો જન્મ વર્ષ ૧૯૯૫માં હૈદરાબાદ ખાતે થયો હતો.
- પી.વી. સિંધુ ઓલમ્પિકમાં સિલ્વર મેડલ જીતનાર પ્રથમ ભારતીય મહિલા છે.
- અગાઉ સેના પ્રમુખ જનરલ બિપિન રાવતે એરો ઇન્ડિયા –૨૦૧૯માં તેજસ એરક્રાફ્ટમાં ઉડાન ભરી હતી.

**(૨) ડૉ. વલ્લભ કથીરિયા – રાષ્ટ્રીય કામધેનુ આયોગ ચેરમેન :**

- કેન્દ્ર સરકાર દ્વારા ડૉ. વલ્લભ કથીરિયાને રાષ્ટ્રીય કામધેનુ આયોગના ચેરમેન નિયુક્ત કરવામાં આવ્યા.
- તેઓ અગાઉ ગુજરાત ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડના ચેરમેન તરીકે કાર્ય કરી ચૂક્યા છે.
- રાષ્ટ્રીય કામધેનુ આયોગના વાઇસ ચેરમેન તરીકે કેન્દ્રીય પશુપાલન સચિવની નિમણૂક કરવામાં આવી છે.
- આ આયોગ ગાયોના કાયદાઓને અસરકારક રીતે અમલમાં મૂકશે અને કલ્યાણકારી યોજનાઓ પર દેખરેખ રાખશે.

**(૩) ચીને વિશ્વની પ્રથમ AI એન્કર રજૂ કરી**

- ચીને વિશ્વની પહેલી આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ) બેઝડ મહિલા ન્યૂઝ એન્કર રજૂ કરી છે.
- તેનું નામ શિન શાઓમેંગ છે. શાઓમેંગે ચીનની સરકારી ન્યૂઝ એજન્સી શિન્હુઆ પર સમાચાર વાંચ્યા.
- આ એન્કર માર્ચમાં ચીનની દ્વિપક્ષી રાજકીય બેઠકમાં સત્તાવાર રીતે ડેબ્યૂ કરશે.
- આ અગાઉ નવેમ્બર, ૨૦૧૮માં શિન્હુઆએ વિશ્વનો પ્રથમ પુરૂષ એઆઇ ન્યૂઝ એન્કર રજૂ કર્યો હતો.

પ્રશ્નો :

(૧) વિશ્વની પ્રથમ AI મહિલા એન્કર કયાં દેશે રજુ કરી ?
- ચીને

૨ 'તેજસ' એરક્રાફટમાં ઉડાન ભરનારી પ્રથમ મહિલા ડ્રો પાયલોટનું નામ જણાવો ?
- પી.વી. સિંધુ

૩ ઓલિમ્પિક્સમાં સિલ્વર મેડલ જીતનાર પ્રથમ ભારતીય મહિલા જણાવો ?
- પી.વી. સિંધુ

૪ પી.વી. સિંધુ કયા રાજયના વતની છે ?
- હૈદરાબાદ, તેલંગણા

૫ રાષ્ટ્રીય કામધેનુ આયોગના ચેરમેન તરીકે કોની નિમણૂક થઇ ?
- ડૉ. વલ્લભ કથીરિયા

## 25.February 2019

**(૧) પ્રધાનમંત્રી કિસાન સન્માન યોજના :**

- વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગોરખપુરથી પ્રધાનમંત્રી કિસાન સન્માન યોજના લોન્ચ કરી.

Vivekanand Academy Gandhinagar

- અંતરીમ બજેટ-૨૦૧૯ દરમ્યાન કિસાનો માટે આ યોજનાની જાહેરાત કરવામાં આવી હતી.
- તેના હેઠળ વડાપ્રધાને ૧ કરોડ ૧ લાખ ખેડૂતોને ૨-૨ હજાર રૂપિયાનો પહેલો હપ્તો આપ્યો.
- આ યોજના હેઠળ ૧૨ કરોડથી વધુ ખેડૂતોને વાર્ષિક ૬,૦૦૦ રૂપિયા મળશે.
- આ યોજનાનો ફાયદો નાના અને સિમાંત ખેડૂત પરિવારોને મળશે, જેમની પાસે ૨ હેક્ટર સુધીની ખેતીની જમીન છે.
- ૧ ફેબ્રુઆરી, ૧૯ સુધીમાં જે ખેડૂતોના નામ રાજ્યના લેન્ડ રેકોર્ડ્સમાં હશે, તેમને આ સ્કીમનો લાભ મળશે.
- સરકારે યોજના માટે એક વેબસાઇટ pmkisan.nic.in લોન્ચ કરી છે.
- યોજનામાં ગુજરાતના ૨૨ લાખથી વધુ ખેડૂતોના બેંક ખાતામાં નાણા જમા થયા છે.
- યોજના જાહેર થયાના ૧૫ દિવસમાં જ રાજ્ય સરકાર દ્વારા ૪૬ લાખ ખેડૂત પરિવારોની નોંધણી કરવામાં આવી છે.
- રાજ્યના કુલ ખેડૂત ખાતેદારોની સંખ્યા સામે ૮૭ ખેડૂતોની નોંધણીના પગલે ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ છે.
- બેંક વિગતોને આધારે પીએફએમએસ પોર્ટલ પર વેરીફિકેશનમાં પણ ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંકે છે.
- આ યોજના હેઠળ બે હેક્ટર સુધીની જમીન ધરાવતા ખેડૂત પરિવારોને ૬ હજાર રૂપિયા ત્રણ હપ્તામાં દર વર્ષે મળશે.

**(૨) ૫૩ મી મન કી બાત :**

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૫૩મી મન કી બાત સંબોધી.
- દર મહિનાના છેલ્લા રવિવારે વડાપ્રધાન મોદી રેડિયો દ્વારા દેશની જનતાને સંબાધે છે.
- વડાપ્રધાન મોદીએ પ્રથમ વખત ૩ ઓક્ટોબર -૨૦૧૪ના રોજ મન કી બાત થી દેશનું સંબોધન કર્યું હતું.
- આ કાર્યક્રમ ઓલ ઇન્ડિયા રેડિયો (AIR) અને દૂરદર્શન પર પ્રસારિત કરવામાં આવે છે.

મન કી બાતના મહત્વના અંશો :-

- દર વર્ષેની જેમ આ વર્ષે પણ પદ્મ- પુરસ્કારો માટે ની:સ્વાર્થભાવે નીચલા સ્તરે સેવા કરનાર લોકોનું સન્માન કરવામાં આવશે.
- તેમણે સંબોધન દરમ્યાન પૂર્વ વડાપ્રધાન મોરારજીભાઇ દેસાઇ સરકાર દ્વારા કરવામાં આવેલ ૪૪માં બંધારણીય સુધારાને અત્યંત મહત્વનો ગણાવ્યો.
- તેમણે સંબોધન દરમ્યાન નાગરિકોમાં પુલવામાં ખાતે થયેલ આતંકવાદી હુમલાના કારણે થયેલ રોષને આતંકવાદના ખાત્મા તરફ વળવાનું જણાવ્યું હતું.

**(૩) US માં રાજકુમારી રિમા સાઉદી અરબની પ્રથમ મહિલા રાજદૂત :**

- સાઉદી અરબે રાજકુમારી રિમા બિંત બંદારને અમેરિકામાં તેમના રાજદૂત તરીકે નિયુક્ત કર્યા.
- આ સાથે રિમા એવી પ્રથમ મહિલા બન્યા, જે સાઉદી અરબની રાજદૂત હોય.
- તે રાજકુમાર ખાલિદ બીન સલમાનની જગ્યા લેશે, જેમને નાયબ રક્ષા મંત્રી બનાવાય છે.

પ્રશ્નો :

(૧) શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ક્યાથી પ્રધાનમંત્રી કિસાન સન્માન યોજના લોન્ચ કરી ?
- ગોરખપુર

(૨) ફેબ્રુઆરીમાં શ્રી નરેન્દ્ર મોદીએ કેટલામી મન કી બાત સંબોધી ?
- ૫૩મી

(૩) US માં સાઉદી અરબની પ્રથમ મહિલા રાજપુત જણાવો ?
- રાજકુમાર રિમા બિંત બદાર

(૪) AIR નું પુરૂનામ જણાવો ?
- ઓલ ઇન્ડિયા રેડીયો

## 26.February 2019

**(૧) રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક :**

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્લી ખાતે ઇન્ડિયા ગેટ નજીક નિર્માણ પામેલ દેશનું પ્રથમ રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક રાષ્ટ્રને સમર્પિત કર્યું.
- આ સ્મારક તે સૈનિકોને એક શ્રદ્ધાંજલિ છે, જેમણે આઝાદી બાદ દેશની સુરક્ષા માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું.
- આ સ્મારક ૪૦ એકર જમીનમાં નિર્માણ પામેલ છે. તેના નિર્માણને મોદી સરકારે ઓક્ટોબર ૨૦૧૫માં મંજૂરી આપી હતી.
- રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકમાં થલસેના, વાયુસેના અને નૌસેનાના જવાનોને એક સાથે શ્રદ્ધાંજલિ આપવામાં આવી છે.
- શૂરવીર સૈનિકોના નામ સ્મારકમાં નોંધવામાં આવ્યા છે.
- સ્મારકમાં એક સ્મૃતિ સ્તંભનું નિર્માણ કરવામાં આવ્યું છે જેમાં અખંડ જ્યોત પ્રજ્વલિત રહેશે.

Vivekanand Academy Gandhinagar

- સ્મારક પરિસરમાં ચાર વર્તુળાકાર સંકુલ બનાવવામાં આવ્યા છે, જેના નામ અમર ચક્રમ, વીરતા ચક્ર, ત્યાગ ચક્ર અને રક્ષક રાખવામાં આવ્યા છે.
- સ્મારકની ૧૬ દીવાલો પર ગ્રેનાઇટ પથ્થરો પર યોદ્ધાઓના નામ રેન્ક અને રેજિમેન્ટનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, દેશના ૨૫, ૯૪૨ વીર યોદ્ધાઓના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

  જીયે તો ભી દેશ  કે લીયે
  મરે ભી તો દેશ કે લીયે,
  જીતે ભી તો તિરંગે કે લિયે
  ઓર મરે ભી તો તિરંગા ઓઢકર

**(૨) ઓસ્કાર એવોર્ડ–૨૦૧૯**

- દુનિયાના સૌથી મોટા ફિલ્મ પુરસ્કાર ૯૧મા ઓસ્કાર એવૉર્ડ સમારોહનું આયોજન અમેરિકામાં કેલિફોર્નિયાના ડોલ્બી થિયેટર ખાતે થયું.
- રંગભેદના ઓછાયા હેઠળ એક સંગીતકાર અને ડ્રાઇવર વચ્ચેની પ્રેમકથા દર્શાવતી ફિલ્મ 'ગ્રીન બુક' ને બેસ્ટ ફિલ્મનો ઓસ્કાર એવૉર્ડ અપાયો હતો.
- એવૉર્ડ કુલ ૨૪ કેટેગરીમાં અપાયા હતા.
- મેક્સિકન ફિલ્મ 'રોમા' ને ત્રણ અને ફ્રેડી મરક્યૂરીના જીવન પર આધારિત 'બોહેમિયન રેપ્સોડી' ને સૌથી વધુ ચાર કેટેગરીમાં ઓસ્કાર મળ્યા.
- આ વખતે ઓસ્કાર સમારોહમાં કોઇ હોસ્ટ નહોતો. અગાઉ ૧૯૮૯ના એકેડમી એવૉર્ડમાં આવું થઇ ચૂક્યું છે.

૯૧માં ઓસ્કાર એવોર્ડ વિજેતા

| **કેટેગરી** | **કલાકાર/ફિલ્મ** | **ફિલ્મ** |
|---|---|---|
| બેસ્ટ એક્ટર | રેમી મલિક | બોહેમિયન રેપ્સોડી |
| બેસ્ટ એક્ટ્રેસ | ઓલિવિયા કોલમેન | ધી ફેવરેટ |
| બેસ્ટ ડિરેક્ટર | અલ્ફોન્સો ક્વારોન | રોમા |
| બેસ્ટ ઓરિજનલ સોંગ | લેડી ગાગા | એ સ્ટાર ઇઝ બોર્ન |
| બેસ્ટ સપોર્ટિંગ એક્ટર | મહેરશલા અલી | ગ્રીન બુક |
| બેસ્ટ ફોરેન ફિલ્મ લેંગ્વેજ | રોમા | મેક્સિકન ફિલ્મ |

**ઓસ્કાર એવોર્ડ :**

- ઓસ્કાર એવૉર્ડ એકેડમી ઓફ મોશન પિક્ચર આર્ટ્સ એન્ડ સાયન્સિઝ દ્વારા આપવામાં આવે છે.
- આ પુરસ્કાર ફિલ્મક્ષેત્રનો સર્વોચ્ચ પુરસ્કાર છે.
- પ્રથમ ઓસ્કાર એવોર્ડ સમારોહ વર્ષ ૧૯૨૯માં થયો હતો.
- વૉલ્ટ ડિઝનીએ સૌથી વધુ કુલ ૨૬ વખત ઓસ્કાર એવોર્ડ જીત્યા છે.
- એક જ વર્ષમાં સૌથી વધુ ચાર વખત નોમિનેટ થવાનો વિક્રમ પણ તેમના નામે છે.
- જ્યોર્જ બર્નાડ શો એક માત્ર એવા વ્યક્તિ છે જેઓ ઓસ્કાર અને નોબલ પ્રાઇઝ બંને વિશ્વ કક્ષાના એવોર્ડ જીતી ચૂક્યા છે.

**ઓસ્કારમાં ભારત :**

- ઓસ્કાર એવોર્ડ જીતનારા પ્રથમ ભારતીય શ્રીમતી ભાનુ અથૈયા છે.
- તેમને વર્ષ ૧૯૮૩માં 'ગાંધી' ફિલ્મં માટે 'બેસ્ટ કોસચ્યુમ ડિઝાઇન' કેટેગરીમાં એવોર્ડ એનાયત થયો હતો.
- વર્ષ ૧૯૯૨માં બંગાળી ફિલ્મ ડાયરેક્ટરશ્રી સત્યજીત રેને લાઇફ ટાઇમ અચિવમેન્ટ એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- સૌથી વધુ ઓસ્કાર એવોર્ડ મેળવનાર ભારતીય ફિલ્મ સ્લમડોગ મિલિયોનર છે જેને ત્રણ ઓસ્કાર એવોર્ડ મળ્યા છે.
- ઓસ્કારમાં પ્રથમ વખત નોમિનેટ થનાર ફિલ્મ 'મધર ઇન્ડિયા' છે.

પ્રશ્નો :

(૧) દેશનું પ્રથમ રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક ક્યાં બનાવાયું ?
- નવી દિલ્હી

(૨) વિશ્વના સૌથી મોટા ફિલ્મ પુરસ્કારનું નામ જણાવો ?
- ઓસ્કાર

(૩) ઓસ્કાર–૨૦૧૯ની બેસ્ટ ફિલ્મનો ઓસ્કાર કોને એનાયત થયો ?
- ગ્રીન બુક

(૪) ઓસ્કાર એવોર્ડ જીતનાર પ્રથમ ભારતીય જણાવો ?
- ભાનુ અથૈયા

(૫) ઓસ્કારમાં પ્રથમ વખત નોમિનેટ થનાર ફિલ્મ જણાવો ?
- મધર ઇન્ડિયા

## 27.February 2019

**(૧) ગાંધી શાંતિ પુરસ્કાર :**

- રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદે રાષ્ટ્રપતિ ભવન ખાતે ગાંધી શાંતિ પુરસ્કાર પ્રદાન કર્યા.
- તેમણે વર્ષ ૨૦૧૫, ૨૦૧૬, ૨૦૧૭ અને ૨૦૧૮ માટેના પુરસ્કારો પ્રદાન કર્યા.

Vivekanand Academy Gandhinagar

- વર્ષ ૨૦૧૪માં કેન્દ્ર સરકાર દ્વારા આ પુરસ્કાર ભારતીય સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ઈસરો)ને એનાયત કરવામાં આવ્યો હતો.
- આ એવોર્ડ વિજેતાને સન્માન કરવાનો નિર્ણય સમિતિ દ્વારા કરવામાં આવ્યો હતો.
- જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, ન્યાયમૂર્તિ રંજન ગોગોઇની, સ્પીકર સુમિત્રા મહાજન, વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે અને એલ કે અડવાણી સભ્ય હતા.

**ગાંધી શાંતિ પુરસ્કાર વિજેતા (૨૦૧૫–૧૮)**

૨૦૧૫– વિવેકાનંદ કેન્દ્ર

૨૦૧૬– અક્ષય પેટા ફાઉન્ડેશન અને સુલભ ઇન્ટરનેશનલ સંયુક્ત રીતે

૨૦૧૭ – એકઇ અભિયાન ટ્રસ્ટ

૨૦૧૮– વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનના ગુડવિલ મેસેન્જર ચોહેઇ સસાકાવા

**ગાંધી શાંતિ પુરસ્કાર :**

- ભારત સરકાર દ્વારા આંતરરાષ્ટ્રીય ગાંધી શાંતિ પુરસ્કાર ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી નામ પર આપવામાં આવતો વાર્ષિક પુરસ્કાર છે.
- ગાંધીજીના શાંતિ સિદ્ધાંતોને શ્રદ્ધાંજલિ આપવા માટે ભારત સરકારે ૧૯૯૫માં તેમના ૧૨૫મી જન્મ દિવસે આ એવોર્ડ શરૂ કર્યો હતો.
- આ વાર્ષિક પુરસ્કાર તે વ્યક્તિઓ અથવા સંસ્થાઓને આપવામાં આવે છે જેમણે અહિંસા અને અન્ય ગાંધીવાદી પદ્ધતિઓ દ્વારા સામાજિક, આર્થિક અને રાજકીય ફેરફારો પ્રાપ્ત કર્યા છે.
- પુરસ્કારમાં એક કરોડ રૂપિયા, પ્રમાણપત્ર અને એક સ્મારકચિન્હ આપવામાં આવે છે.
- આ પુરસ્કાર વિશ્વના બધા દેશો, જાતિઓ અને લોકોને આપવામાં આવે છે.
- ૧૯૯૫માં સૌ પ્રથમ ગાંધી શાંતિ પુરસ્કાર તાંઝાનિયાના પ્રથમ રાષ્ટ્રપતિ જુલિયસ નાયરેરને એનાયત કરાયો હતો.

**(૨) સર્જીકલ સ્ટ્રાઇક ૨.૦**

- ભારતીય વાયુ સેનાએ ૧૨ મિરાજ ફાઇટર વિમાને પાકિસ્તાનના બાલાકોટમાં ઘૂસીને જૈશ–એ–મોહમ્મદની આતંકી છાવણીનો ખાતમો કરી નાખ્યો છે.
- આ કાર્યવાહીમાં લડાકુ વિમાનો દ્વારા ૧૦૦૦ કિલોગ્રામ વિસ્ફોટકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
- આ અંગેની જાણકારી વિદેશ મંત્રાલયના સચિવ વિજય ગોખલે દ્વારા આપવામાં આવી હતી.
- અગાઉ ૧૮ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ થયેલ ઉરી હુમલા બાદ ભારતીય સેનાએ સર્જીકલ સ્ટ્રાઇક કરી હતી.
- ભારતીય વાયુ સેનાએ ૧૯૭૧ પછી પહેલી વખત દેશની સરહદથી બહાર જઇને કોઇ ઓપરેશન પાર પાડ્યું હતું.
- ૨૨ નવેમ્બર ૧૯૭૧માં ભારતીય હવાઇદળે પાકિસ્તાનમાં હવાઇ હુમલા કર્યા હતા.
- પખવાડિયા સુધી ચાલેલા યુદ્ધ દરમિયાન ૨૨ નંબર સ્કવોડ્રનના ૪ જીનેટે પાક. ના ત્રણ સેવર વિમાનો તોડી પાડ્યાં હતાં.

**મિરાજ–૨૦૦૦**

- મિરાજ ફાઇટર પ્લેન એક ફ્રાંસિસ લડાકુ વિમાન છે, જેને દર્સો નામની કંપની દ્વારા બનાવવામાં આવ્યા છે.
- આ પ્લેન ૨૯ જૂન ૧૯૫૮ના રોજ ભારતીય વાયુસેનાની નંબર–૭ સ્કવોડ્રનમાં સામેલ કરવામાં આવ્યા હતા.
- મિરાજ ૨૩૩૬ કિ.મી.ની. ઝડપથી ઊડીને દર મિનિટે ૧૮ રોકેટ છોડે છે.
- મિરાજ ફાઇટર પ્લેનની લંબાઇ ૪૭ ફૂટની છે.
- તેનું વજન ૭૫૦૦ કિલોગ્રામ છે.
- મિરાજ ૧૨૫ રાઉન્ડ ગોળીઓ પ્રતિ મિનિટ ફેંકે છે.
- મિરાજ ૬૮ મીમીના ૧૮ રોકેટ પ્રતિ મિનિટ ફેંકવાની ક્ષમતા ધરાવે છે.
- મિરાજ–૨૦૦૦ મલ્ટિરોલ, સિંગલ એન્જિન ચોથી પેઢીનું ફાઇટર વિમાન છે.
- દુનિયાના ૯ દેશો પાસે આ ફાઇટર વિમાન છે.

પ્રશ્નો :

(૧) ૨૦૧૭નો ગાંધી શાંતિ પુરસ્કાર કોને એનાયત થયો ?
- એકઇ અભિયાન ટ્રસ્ટ

(૨) ૨૦૧૮નો ગાંધી શાંતિ પુરસ્કાર કોને એનાયત થયો ?
- વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનના ગુડવિલ મેસેન્જર ચોહેઇ અસાકાવા

(૩) તાજેતરમાં ભારતે કયા વિમાન દ્વારા પાકિસ્તાનના એર સ્ટ્રાઇક કરી ?
- મિરાજ –૨૦૦૦

(૪) મિરાજ વિમાન કઇ કંપની દ્વારા બનાવાયા હતા ?
- દર્સો

## 28.February 2019

**(૧) રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ :**

- દર વર્ષે ભારતભરમાં ૨૮ ફેબ્રુઆરીના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ મનાવવામાં આવે છે.

- ૨૮ ફેબ્રુઆરી ૧૯૨૮ના રોજ ભારતીય વૈજ્ઞાનિક સી.વી.રામને પ્રકાશના વિવર્તનની શોધ કરી હતી.
- આ શોધ રમન ઇફેક્ટ તરીકે ઓળખવામાં આવે છે.
- ચંદ્રશેખર વેન્કટ રમનનો જન્મ ૭ નવેમ્બર ૧૮૮૮ના રોજ મૈસુરમાં થયો હતો.
- પ્રકાશના વિવર્તનની શોધ બદલ વર્ષ ૧૯૩૦ માં તેમને નોબેલ પ્રાઇઝથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- ૨૦૧૯ થીમ –'Science for the People and the People for Science'

**(૨) META લાઇફ ટાઇમ અચિવમેન્ટ એવોર્ડ – મહેશ એલકુંચવાર**

- ભારતીય લેખક મહેશ એલકુંચવારને META લાઇફ ટાઇમ અચિવમેન્ટ એવોર્ડ ૨૦૧૯ થી સન્માનીત કરવામાં આવશે.
- તેમને આ એવોર્ડ ૧૨ માર્ચના રોજ યોજાનાર મહિન્દ્રા થિયેટર ફેસ્ટિવલ દરમ્યાન આપવામાં આવશે.
- મહેશ એલકુંચવાર દેશના પ્રસિદ્ધ નાટ્યકાર છે.
- તેમણે અત્યાર સુધી ૩૦ થી વધુ નાટકોની રચના કરી છે.
- મહિન્દ્રા એલસીલેન્સ ઇન થિયેટર એવોર્ડ (META) થિયેટર ક્ષેત્રે ઉત્કૃષ્ઠ યોગદાન બદલ આપવામાં આવે છે.
- આ એવોર્ડ મહિન્દ્રા ગ્રૂપ દ્વારા દર વર્ષે એનાયત કરવામાં આવે છે.

**(૩) ગોવિંદ પ્રસાદ શર્મા – નેશનલ બુક ટ્રસ્ટ ચેરમન :**

- તાજેતરમાં જાણીતા શિક્ષાવિદ અને લેખક ગોવિંદ પ્રસાદ શર્માને નેશનલ બુક ટ્રસ્ટના ચેરમેન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.
- તેઓ અગાઉ મધ્યપ્રદેશ માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપાધ્યક્ષ તરીકે સેવા આપી ચૂક્યા છે.
- નેશનલ બુક ટ્રસ્ટની સ્થાપના કેન્દ્ર સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા ૧૯૫૭માં કરવામાં આવી હતી.
- નેશનલ બુક ટ્રસ્ટ હિન્દી, અંગ્રેજી સાથે ભારતની અન્ય ભાષાના સાહિત્યના ઉત્પાદનને પ્રોત્સાહન આપે છે.

પ્રશ્નો :

(૧) રાષ્ટ્રીય વિમાન દિવસ ક્યારે ઉજવાય છે ?
- ૨૮ ફેબ્રુઆરી

(૨) META લાઇફ ટાઇમ અચિવમેન્ટ એવોર્ડ–૨૦૧૯થી કોને સન્માનિત કરવામાં આવશે ?
- મહેશ એલકુચવાર

(૩) તાજેતરમાં નિયુક્ત થયેલા નેશનલ બુક ટ્રસ્ટના ચેરમેનનું નામ જણાવો ?
- ગોવિંદ પ્રમાદ

Vivekanand Academy Gandhinagar